ઓ૩મ્.

વિદ્યાર્થી

અથવા

ધર્મ અને નીતિનું દીગદર્શન.

દોહરો.

વાંચો આ વિદ્યારથી, સદ્વિધામય ચીત્ર,
ધર્મનીતિ ધારણ થવા, હે વિદ્યારથી મીત્ર ?

રચીને પ્રસિદ્ધ કરનાર,

મંત્રી આર્ય સમાજ હીંમતનગર,

(મહીકાંઠા.)

ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસ—અમદાવાદ.

સંવત ૧૯૬૫.   સને ૧૯૦૯.

મુલ્ય ૦—૨—૦ (બે આના).

ઓ૩મ્.

વિદ્યાર્થી

અથવા

ધર્મ અને નીતિનું દીગદર્શન.

દોહરો.

વાંચો આ વિદ્યારથી, સદ્વિદ્યામય ચાત્ર,
ધર્મનીતિ ધરણુ થતા, હે વિદ્યારથી મીત્ર.

રચીને પ્રસિદ્ધ કરનાર,

મંત્રી આર્ય સમાજ હીંમતનગર,

(મહીકાંઠા.)

ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસ—અમદાવાર.

સંવત ૧૯૬૫ સને ૧૯૦૯.

મુલ્ય ૦—૨—૦ (બે આના)

ૐ

વીદ્યાર્થી

વિદ્યાર્થી મિત્રો ! હુ પણ વિદ્યાર્થી છુ, અને આપનો બધુ છુ, મ્હારૂ હિત આપના હિત સાથે સબંધ રાખે છે મ્હારૂ વૃતાન્ત કદાચ આપને ઉપયોગી થશે એમ હુ ધારૂ છુ. આશા છે કે તે આપ દઢતાથી શ્રવણ કરશો

પ્રકરણ ૧ લુ.

મ્હારી જીંદગીની શરૂઆત.

હુ જ્યારે બાલ્યાવસ્થામા હતો ત્યારે હુ કોણ છુ, કમ આવ્યો છુ, કયા જવાનો છુ, મનુષ્ય છુ કે જાનવર, તે કઇ સમજતો નહોતો બાલ્યાવસ્થાનો નિ'કામ આનદ અને નિર્દોષ રહવુ એ મ્હારૂ કર્તવ્ય હતુ વખતના વહેવાની સાથે જમાનાનો વિચિત્ર રગ મ્હારા હદયને વિલક્ષણ રીતે રગવા લાગ્યો. ખાવાની, પીવાની, પહેરવાની અથવા રમવાની કોઇ વસ્તુ મ્હારા બાળ મિત્રો પાસે હુ દેખતો ત્યારે તે વસ્તુ મેળવવા આતુર થતો

સૌથી પ્રથમ હુ મ્હારી માતાને જાણતો થયો, કારણ કે તે મ્હારૂ લાલનપાલન કરતી, નિરતર સ્વચ્છ રાખતી, વસ્ત્રાભૂષણ પહેરાવતી, હુ રડતો ત્યારે હૃદયે ચાપી વ્હાલથી રીઝાવતી, મહાન રોગના ભોગ થઇ પડતા ત્યા, સારવારાદિથી મ્હારૂ રક્ષણ કરતી, મ્હને તનદુરસ્ત રાખવા માટે મ્હારી માતા પ્રિય ભોજનો તજી દેતી, અને રાત્રીએ પણ સુખે શયન ભાગ્યેજ કરતી. જ્યારે હુ ઉમ્મરમા કંઇક આગળ વધ્યો ત્યારે એક મનુષ્ય મને હમેશ ઘણા વ્હાલથી રમાડતો અને સારૂં સારૂ ખાવાનું આપતો મ્હને ઓળખવાની શકિત પ્રાપ્ત થઇ ત્યારે મેં જાણ્યુ કે તે મ્હારા પુજ્ય પીતા છે

હવે મ્હારામા નુતન વસ્તુઓ પ્રાપ્ત કરવાની વૃત્તિ જન્મ પામી,

મ્હારા બાળમિત્રો પાસેની કોઇ વસ્તુ દૃષ્ટિગોચર થતા તેવી વસ્તુ મેળવવાને હુ દુરાગ્રહ કરતો, રડતો, કરગરતો, અને ગમે તે પ્રયત્ને તે વસ્તુ પ્રાપ્ત કરતો એ મ્હારો કુદરતી સ્વભાવ હતો.

મ્હારા માયાળુ માતાપિતા કાંતો મ્હારા દુરાગ્રહથી કંટાળીને અથવા તેમના અંતઃકરણની ઉદારતાને લીધે તેવી વસ્તુઓ મને આણી આપતા મ્હારી આવી બાળ હઠને માટે જો કે હવે મને અત્યંત પશ્ચાતાપ થાય છે તથાપી એક રીતે આ કુટેવે મ્હારા સુભાગ્યની શરૂઆત કરી છે એવુ મ્હારા જીવનવૃતાન્તથી આપને નિવેદિત થશે

જ્યારે મ્હારી ઉમ્મર સાત વર્ષની હતી ત્યારે તેટલી વયના મ્હારા બાળમિત્રોને તેમના માબાપે નિશાળમા વીદ્યાધ્યયન માટે મુકયા હતા પરંતુ હુ નિશાળે જવા બીલકુલ ખુશી નહોતો બાળકો કલેશ કરી માતાપિતાને સતાવે નહી માટે તેમને નિશાળમા કેદ કરવા એવી મ્હારી ગેરસમજ હતી. મ્હને માહિતી નહોતી કે નિશાળ એ શુ વસ્તુ છે, અને ભણવાની આપણને શી જરૂર છે છોકરાઓ તોફાન કરે ત્યારે મહેતાજી પાસે શીક્ષા કરાવવાના ઉદ્દેશ માટે નિશાળની સ્થાપના હશે એમ મ્હારૂ માનવુ હતુ હું જ્યારે રડતો અને કલેશ કરતો ત્યારે મ્હારી માતા મને ધમકાવતી કે "ચાલ નિશાળમા મકી આવુ, અને મહેતાજીના પાસે શિક્ષા કરાવુ" આવી ધમકીથી નિશાળમા જવુ. અને તુરગમા જવુ એ બન્ને હુ સરખા સમજતો હતો

પ્રકરણ ૨ જુ.

મ્હારો દુરાગ્રહ

એક દિવસે હુ મ્હારા પિતાની સાથે શહેરમા ફરવા નિકળ્યો હતો અમે બજારમા હતા તેવામા સામી બાજુએથી એક સરખો પહેરવેશ ધારણ કરી કેટલાક ઘોડેસ્વારો આવતા જણાયા તેથી હમો બાજુ ઉપર ખસી ગયા. એટલામા વળી એક ગાડી દેખાઈ, જેમા એક ગૃહસ્થે બેઠક લીધી હતી. તેણે સાદા વસ્ત્ર ધારણ કર્યા હતા મુખમુદ્રા આનંદિત હતી. પાછળ પગથીઆ ઉપર બે નોકરો સેવામા હાજર ઉભા હતા, જેમાના એકના હાથમા ભભકાદાર પંખો હતો, અને બીજાના હાથમા સુશોભિત રૂપેરી છડી હતી ગાડી સમીપ આવતા બજારના લક્ષાધિપતિ દુકાનદારો પોતા-

નુ કાર્ય બધ રાખી ઉભા થઈ અભિવદન કરવા લાગ્યા. રસ્તે આવાગમન કરનાર રાહદારીઓ પણ એક તરફ ઉભા રહી નીચા નમી નમન કરતા હતા. મ્હારા પિતાએ પણ મસ્તક નમાવી બે હાથ જોડી નમ્રતાથી નમન કર્યુ

એ ગૃહસ્થ કોણ હતા તેથી હુ અજ્ઞાન હતો, તેમ તે જાણવાની મને કંઇ ઇચ્છા થઈ નહિ મ્હારા હ્રદયમા જે ભાવ જન્મ પામ્યો તેતો એટલો જ કે મ્હને પણ આવી ગાડી અને ઘોડા મ્હારા પિતા આણી આપે તો કેવુ સારૂ ! તેમા બેસી આ પ્રમાણે હમેશા શહેરમા મોજશોખ માણુ, અને દુકાનદારે. મને ઉભા થઇ અભિવદન કરે. આવા મૂર્ખાઇ ભરેલા બાળપણાના હલકા વિચારોએ મ્હારી હઠ વૃત્તિને ઉશ્કેરી. મે મ્હારા પિતાને કહ્યુ કે " મને આવી ગાડી હાલને હાલ લાવી આપો "

મ્હારા પિતાએ મ્હારા મસ્તક ઉપર હસ્ત ફેરવતા કહ્યુ—" ભાઇ આપણે રંક માણસ એવી કીમતી ગાડી કયાથી લાવીએ ? એ તો રાજયના દિવાન છે માટે મ્હાય તે કરી શકે ? "

મ્હે જરા માથુ ફેરવી દઈ મિજાજમા કહ્યુ " ત્યારે તમે પણ દિવાન થાઓ. ગમે તેમ કરો પણ મ્હારે તો હાલને હાલ તેવી ગાડી જોઇએ જ " મ્હેં મ્હારી હમેશની હઠાગ્રહની રીતિ શરૂ કરી કેમકે દિવાન એટલે શુ તે હુ સમજતો જ નહોતો

મ્હારા પિતાએ ફરી મને વ્હાલ કરતા કહ્યુ દિવાન થવુ કઈ સહેલ છે ? હુ જો ભણ્યો હોત તો કદાચ દિવાન ન થઇ શકત પણ એક મનુષ્ય તો થાત પશુ જેવી સ્થીતિ શા સારૂ ભોગવત ? " આ પ્રમાણે બોલતા મ્હારા પિતાએ ઉડો નિશ્વાસ નાખ્યો વળી તેમણે મ્હારી પીઠ ઠોકતા જણાવ્યુ " ભાઈ ! હું તો હવે વૃદ્ધ થયો છુ પણ જો ત્હારે દિવાન થવાની ઇચ્છા હોય અને ગાડી ઘોડે બેસવાની તથા સન્માન મેળવવાની ઉમેદ હોય તો પ્રથમ તું વિદ્યાસપાદન કર, કે જેથી ત્હારી મનો કામના પૂર્ણ થાય

મ્હેં જવાબમા કહ્યુ કે " ચાલો ત્યારે મને વિદ્યા અપાવો ! જામફળ અપાવો છો, રામફળ અપાવો છો ત્યારે વિદ્યા કેમ અપાવતા નથી ? "

મ્હારા પિતાએ જરા મુખ મલકાવી હસતે હસતે કહ્યુ " બેટા, વિદ્યા કંઇ બજારમા વેચાતી મળતી નથી નિશાળમા મહેનત કર,

મહેતાજીની આજ્ઞા પ્રમાણે ચાલ, ખંતરાખ એટલે વિદ્યા મળશે ત્હે હુ મણા જે દિવાનને ગાડીમા બેસી જતા જોયા તે એક અનાથાલયમા ઉછ્યા હતા તેમને બાલ્યાવસ્થામા રખડતા રાખી માતાપિતા મરણ પામ્યા હતા તે એક વખત મુઠીભર અન્નને માટે બીજાઓના મુખ સામે દિનતા પૂર્વક દયામણી આંખ વિલોકતા હતા તેજ આજે વિદ્યાના પ્રાબલ્ય વડે આપણા શિરોમણી થઇ પડયા છે. દિવાન જેવા ઉંચા પદે પહોચી, પ્રજાપ્રિય થઈ પડી, હજારોનુ પોષણ કરવા શક્તિમાન્ થયા છે જે અનાથાલયમા તેઓ ઉછ્યા હતા, ને અનાથાલયને સારો ફાળો આપવા ઉપરાત ખાસ તેમણેજ એક અનાથાલય આ શહેરમા ઉઘાડયુ છે જ્યારે એવી રંક સ્થીતિવાળા વિદ્યા સંપાદન કરવામા ફતેહમંદ થાય છે તો તું શા માટે વિદ્યા પ્રાપ્ત નહિ કરી શકે ? ઉદ્યોગનું ફળ પરમાત્મા ખચિત આપે છેજ

મ્હારા પિતાની વાત સાભળી મ્હને વિદ્યા પ્રાપ્ત કરવાની ઉત્કંઠા થઈ ગાડી ઘોડા મેળવવાની હઠ નાશ પામી અને વિદ્યા મેળવવાની હઠ જન્મ પામી. પછી અમે ત્યાથી આગળ ચાલ્યા

પ્રકરણ ૩ જું.

ન્યાયમંદીર.

થોડે દૂર જતા એક ભવ્ય સુશોભીત મહેલ દષ્ટિગોચર થયો શહેરની અંદરના તમામ મકાનોમા આ મહેલ ચીત્તાકર્ષક હતો સ્વાભાવિક રીતે હુ તે મહેલ દેખતાજ ખુશી થયો, અને ધ્યાન પૂર્વક તેનો બાહ્ય દેખાવ નીહાળવા લાગ્યો, મ્હારા ઘરની સાથે તેને સરખાવતા મ્હારા લઘુ હૃદયમા એક હાસ્યજનક પ્રશ્ન ઉત્પન્ન થયો તેથી મ્હે મ્હારા પીતાજીને કહ્યુ "પીતાજી ? આપણુ ઘર ઘણુંજ ન્હાનુ છે તે છતા આપ આવુ મોટુ મકાન કેમ બંધાવતા નથી ?"

તેમણે ધીરજથી કહ્યુ "ભાઈ આપણી પાસે પૈસા કયા છે ? તું જાણે છે કે આ મહેલ બંધાવવામા કેટલુ ખર્ચ થયુ હશે ? તું વિદ્યા સંપાદન કરી દ્રવ્ય એકઠુ કર પછી મોટી મોટી ફાળો મારજે"

મ્હે કહ્યુ, "મ્હારે આ મહેલ જોવા છે."

મ્હારા પીતાશ્રી મ્હને સાથે લઇ એક ફરતી વિશાળ નીસરણી ઉપરથી મહેલમા ગયા. વચ્ચે એક વીશાળ ઓરડો હતો, જેમા રગબેરગી ગલીચા બીછાવેલા હતા, તે ઉપર સખ્યા બધ ખુરશીઓ ગોઠવેલી હતી, જેની વચ્ચે એક ઉચી બેઠક ઉપર મનોહર સિહાસન ગોઠવેલુ હતુ આ સિંહાસનને મ્હારા પિતા ન્યાયાસનના નામે ઓળખાવતા હતા, અને તેના ઉપર એક ગૃહસ્થ દેદિપ્યમાન પોશાક પહેરી બિરાજમાન થયા હતા એક બાજુએ પાજરૂ હતુ, તેમા બે માણસોને બેડી પહેરાવી ઉભા રાખેલા હતા. કેટલાક વકીલો પણ પોતપોતાની ખુરશીઓ ઉપર ગોઠવાઇ ગયા હતા. અન્ય પ્રેક્ષકો પણ ન્યાય સાભળવા માટે એકત્ર થયા હતા તેમને પણ બેસવાની સગવડ કરી આપવામા આવી હતી

આ ઠાઠ દેખીને મ્હને આશ્ચર્ય ઉત્પન્ન થયુ, તેથી મ્હે મ્હારા પિતાશ્રીજીને પૂછ્યુ ' પિતાશ્રી, હુ સમજી શકતો નથી કે એક માણસ સૌથી ઉચા આસન ઉપર બેઠો છે, અન્ય સાદી ખુરશીઓ ઉપર નીચે બેગી રહ્યા છે જેઓ વારવાર ઉભા થઇ અભિનદનજ કરે છે અને આ બે માણસો બિચારા કયારનાએ ઉભા રહી દયામણી આખે જોઇ રહ્યા છે તેમના હાથ પગ બાધી દેવામા આવ્યા છે તેનુ કારણ શુ હશે '

મ્હારા પિતાએ જવાબ આપ્યો. ' સૌથી ઉચા આસન ઉપર બીરાજ્યા છે તે ન્યાયાધિશ છે તેઓ સૌને ન્યાય આપે છે તેમણે વિદ્યાનો સારો અભ્યાસ કર્યા છે તેમજ અનુભવ પણ ઘણો મેળવ્યો છે તેમના પિતા સુતારના નામે ઓળખાતા, જેઓ લાકડા ઘડવાનો ધધો કરતા હતા એક દિવસે તેમણે એક સારા અધિકારી માટે સુદર ખુરસી બનાવી જેમા કોતર કામ ઉત્તમ કારીગોરીથી કરેલ હતુ તે ખુરશી જ્યારે તેમના પુત્રના જોવામા આવી ત્યારે તેમણે તેમના પિતાને પૂછ્યુ " પિતાજી, આ ખુરશી આપે કોને માટે બનાવો છે ? પિતાએ જવાબ આપ્યો " ન્યાયાધિશ માટે " ત્યારે તે છોકરાએ પણ ત્હારી પેઠે હઠ લીધી કે એ ખુરસી મ્હારે માટે રાખો તે સાભળી તેમના પિતા બહુ ગુસ્સે થયા અને ઉત્તર આપ્યો કે " જો ખુરશી ઉપર બેસવુ હોય તો ભણીને ન્યાયાધિશ થા" આ સાભળી પુત્રને રીસ ચડી ને તેણે નિશ્ચય કર્યો કે ગમે તેમ કરી આવી ખુરશી ઉપર બેસવા લાયક થવું એમ વિચારી તુરત જ તે નિશાળમા ભણવા બેઠો ખતથી ભણ્યો અને આખરે આ ન્યાયાધિશ થયો તે ન્યાયાધિશ બીજો કોઇ નહિ પણ ત્હારી સામે તુ જુવે છે તેજ ન્યાયાધિશછે.

બાકીની ખુરસીઓ ઉપર ધારાના હીમાયતી બેઠા છે તે ન્યાયાધીસ કરતાં વિદ્યા અને પ્રારબ્ધમા ઉતરતા છે અને જેઓ માત્ર પ્રેક્ષક છે તેઓએ તેમનાથી પણ ઉતરતી બેઠક લીધી છે. માટે જે પ્રમાણે મનુષ્ય સારી વીદ્યા સંપાદન કરે તેમ સારૂં સન્માન મેળવે. પાજરામા જે બે કેદીઓ ઉભા છે તે ભણેલા નથી તેથી દુર્ગુણી અને દુરાચારી નીવડી આ લજ્જાસ્પદ સ્થિતિમા આવી પડયા છે. જો કે અદ્યાપિ પર્યંત તેમનો ઇનસાફ થયો નથી પણ જ્યારે તેમના ઉપરનો ગુન્હો સાબીત જણાશે ત્યારે તેમને ખચીત શીક્ષા થશે અને તેમના બુરા હાલ થશે.

મ્હે પૂછ્યુ પીતાશ્રી એવુ તેમણે શુ અધમ કામ કર્યુ હશે કે જેથી તેમને આ કમકમાટ ભરેલી હાલતમા આવવુ પડયુ હશે ? અરેરે બીચારા કેટલા પરતંત્ર અને દુખી છે ? આ ન્યાયાધીશને તેમના ઉપર દયાપણ નહિ આવતી હોય ? તેમના પગમા વજનદાર બેડીઓ છે તેથી તે બીચારા શી રીતે ચાલી શકતા હશે ? હાથમા હાથકડી ઘાલી છે માટે તેઓ પાણી પણ શી રીતે પી શકતા હશે ગળામા રમી છે તેનો પાસો કદાચ બેસી જાય તો ખચીત તેઓ મરણ પામે, પીતાશ્રી શુ તેમને માતાપિતા નાઇ નહિ હોય ? તેમની કેવી દયાજનક સ્થિતિ થઈ હશે ? કદાચ કમનસીબે આપણ એવી હાલતમા આવી પડયા હોઇએ તો કેવા હાલ થાય ? મ્હને તો તેમની હાલત જોઈ ઘણીજ કંપારી છૂટે છે પીતાશ્રી મને કહી સંભળાવો કે તેમણે એવુ શુ કામ કર્યું હશે ?

મ્હારા પિતાએ મ્હને તે બે ચોરની વાતો કહેવા માડી

તેણે કહ્યું હુ ગઈ કાલે બજારે કઇ કામ પ્રસંગે આવ્યો હતો ત્યારે એ બે હરામખોરોને બજારમા થઇને કેદખાનામા લઈ જતા હતા તે વખતે મેં તેમના વિષે પૂછપરછ કરી હતી તો નીચે પ્રમાણેની હકીકત સાભળી હતી

પ્રકરણ ૪ થું.

ખોટું તે પટું.

પ્રસ્તુત બે કદીઓમાનો એક ઉચ્ચ વર્ણનો અને ખાનદાન કુટુબનો મનુષ્ય છે તેના બુજરગોએ વ્હેવારમા સારી પ્રતિષ્ટા અને આબરૂ મેળવી હતી તે પોતે પણ બાલ્યાવસ્થામા ધર્મ ચુસ્ત અને ભક્તિવાન ગ-

ચુાતો હતો. સ્પર્ધાસ્પર્ધમા તે મહદ્ દોશ બતાવતો. પ્રતિદિન દશ પદર વખત તેને સ્નાન કરવું પડતું શરીર ઉપર દસ બાર તીલક કરતો હતો. કેસર અને કુમકુમથી તથા છાપોથી તેના કપાળને રગદાર અને છટાદાર બનાવતો હતો. સૂવર્ણુથી ગુથેલી રૂદ્રાક્ષની માળા હમેશા કઠમાં ધારણ કરતો હતો. ધર્માધ અને વિશ્વાસુ માણસો વચ્ચે તેણે પોતાનો દમામ સારો જમાવ્યો હતો. તે નમો મડળના તમામ ગૃહોને દેવ સ્વરૂપે ઓળખાવતો અને તેઓ જગતના તમામ મનુષ્યોને લાભાલાભ કરાવવાનો કારોબાર ચલાવે છે એમ અજ્ઞાનોને દસાવતો, અને તે બ્હાને જાણે તે દેવોનો ઇજારો તેણે રાખ્યો હોય તેમ જપ જાપના નામથી હજારો રૂપીઆ ઠગી લેતો. ને ત્રીસ કરોડ દેવતાઓ ઇચ્છા પ્રમાણે નચાવવાનો ઠેકો તેણેજ રાખેલો છે એમ ભોળાભાવિકોને અને અધશ્રદ્ધાળુઓને સમજાવી જથાબંધ પૈસા મેળવતો તદુપરાત મરનારાઓને સ્વર્ગમા મિષ્ટાન્ન તથા ગાડીઘોડા, પલગ, પથારી, હુકકો, વાસણ, પેટી પટારા ઇત્યાદિ વસ્તુઓ પહોચાડવાની દલાલીનો ધધો કરવાની દુકાન પણ તેણેજ ઉઘાડી હતી. એક ગામથી બીજે ગામ પહોચાડવાનુ કાર્ય તેનાથી બની શકતુ નહિ પણ સ્વર્ગમા તો તે ગમે તેટલી રીદ્ધિ સીદ્ધિ સરળતાથી પહોચાડી શકવાનો દાવો રાખતો જો કે આ તેની અસાધારણ ઠગાઇ હતી. યદ્યપિ બાહ્યાચાર ટીલા ટપકા અને માળાના ચાળાથી ભોળાભાવિકોમા તે અસાધારણ માનીનો થઇ પડયો હતો અન્યાયથી મેળવેલુ દ્રવ્ય હાથમા રહી શકતુ નથી એ કુદરતી નીયમ છે તે પ્રમાણે આ ગૃહસ્થનુ સર્વ દ્રવ્ય અનીતિમાજ વ્યય થતું હતુ. એ મહારાજને જૂદી જૂદી જાતના વ્યસન કરવાની ટેવ પડી હતી માટે હુ તેમને વ્યસની મહારાજના નામથી ઓળખાવીશ એક વખતે એવો બનાવ બન્યો કે તે મહાશય પોતાના ઘરના માળ ઉપર બેસી ચલમમા તમાકુ ભરી નિશ્ચિત થઇ ધુમ્રપાન કરતા હતા. ચકચકિત ધવના કાષ્ટનો અગારો ચલમમા ચળકાટ મારી રહેલો હતો તે પ્રસગે તેમનીજ જ્ઞાતિનો એક ગૃહસ્થ માળ ઉપર આવતો હોય તેવો અવાજ કર્ણ ઉપર પડયો તેવાજ આપણા વ્યસની મહારાજ એકદમ ગભરાયા ચલમ છુપાવવાને આમ તેમ ફાફા મારવા લાગ્યા. પણ તે ચલમ કયા છુપાવવી તેવી સુઝ ન પડવાથી છેવટ બેસવાની ગાદીના તકીયા પાછળ ઉતાવળમા અને ગભરાટમા છુપાવી દીધી આવનાર ગૃહસ્થને આવકાર આપવા માટે આ ગૃહસ્થ બહારના ઓરડામા સામો ગયો, અને તેને અદર આવતા

અટકાવવાના હેતુથી બહારના ઓરડામાજ તેને બેઠક આપી પોતે પણ પાસે બેઠા અન્યોન્ય કુશળ ક્ષેમ પૂછ્યા બાદ અંદરના ઓરડામાંથી ધુમાડો બહાર નિકળતો દ્દષ્ટિગોચર થયો તેથી આવનાર ગૃહસ્થે પ્રશ્ન કર્યો કે આ ધુમાડો ક્યાંથી ? વ્યસની માહારાજે સત્ય વાત છુપાવતા તોરમા જ કહ્યું કે " બ્રાહ્મણના ઘરમા ધુમાડાની નવાઇ શી ? " યજ્ઞ હમેશા ચાલુ રાખવો એ આપણી ફરજ છે, ફરી પ્રશ્ન ન થાય તેટલા માટે વાર્તાનો વિષય બદલવા આપણા વ્યસની માહારાજે તે ગૃહસ્થને અહિં આવવાનુ કારણ પુછ્યુ, " કેમ બ્રહ્મદેવ ? આજ કાલ શું વ્યવસાયમા પડ્યા છો ?

બ્રહ્મદેવે ઉત્તર આપ્યો હુ લાહોર આર્ય સમાજ તરફથી સ્થાપિત થયેલા વિદ્યાર્થિઓ માટના વિશ્રામ સ્થાનમા અધ્યાપકનુ કામ કરૂ છુ.

પ્ર ' શુ આજીવીકા છે ? "

ઉ " માસીક વેતન પચોતર રૂપિયા "

પ્ર " ત્યારે તો પેદાશ સારી છે ? "

ઉ " પેદાશ કરતા આનંદ અને લાભ વિશેષ છે "

પ્ર ' કેમ વારૂ ' ?

ઉ ' જાણે હુ સ્વર્ગમા હોઊ એવુ મને ભાન થાય છે " પ્રથમ મારૂ જ્ઞાન શુક બાલીકા સમ અર્થના સાક્ષાતકાર વગરનુ હતુ, પરંતુ હવે તે અર્થ સહીત અને દ્રઢ થયુ છે તેમજ પ્રતિદિન તે વૃદ્ધિ પામતુ જાય છે વિદ્યાર્થિઓને વૈદિક ધર્મનુ જ્ઞાન આપતા મે પોતેજ જ્ઞાન પ્રાપ્ત કર્યુ, તેને હુ મહદ્દ લાભ માનુ છુ વેદના પવિત્ર મંત્રોના ગગન ભેદક ગંભીર ઘોષ, યજ્ઞની આહુતીઓ, અને સંધ્યા, પ્રાર્થનાનો અમુલ્ય લાભ એ મારી ધાર્મિક પેદાશ છે.

પ્ર. " અરે પણ એ લોકો તો બ્રાહ્મણોને ધિક્કારનારા છે ? '

ઉ " સર્વથા અસત્ય બ્રાહ્મણોનો સતકાર કરનાર તેમના સમાન અન્ય કોઇ નથી, એમ કહેવામા અતીશયોક્તિ નથી. જે બ્રાહ્મણ પોતાના ષટ કર્મથી વીમુખ હોય છે, અને જેઓ પોપની માફક અંધ શ્રદ્ધાળુઓને ઠગે છે, તેમને સુધારવા અને તેમની પવિત્ર ફરજો શુ છે તે સમજાવી નામ ધારી બ્રાહ્મણોને પૂર્વના ઋષિ મુની જેવા વાસ્તવિક બ્રાહ્મણ બનાવવાના શુદ્ધ હેતુથી તેઓ કડવુ ઔષધ આપે છે, જેને આ-

પણે તિરસ્કાર માની લઈએ છીએ, પરંતુ જેઓ યથાર્થ બ્રાહ્મણનું કર્મ બજાવે છે તેનો તેઓ સર્વોત્તમ સતકાર કરે છે હું પોતે ત્યાં વેદ ભણુંછું, યજ્ઞ કરૂં છું, બીજાઓ પાસે કરાવું છું, દાન લઉંછું અને યથાશક્તિ દાન આપું છું. હું જે આર્ય પુરૂષને ત્યાં કાર્ય પરત્વે જઈ ચડું છું, ત્યાં મારો અતિથિ તરીકે સન્માન પૂર્વક સતકાર થાય છે ઉપનિષદ્‌ની કથા વાચવામાં મને સારી દક્ષિણા મળે છે પ્રત્યેક સંસ્કાર વખતે વૈદિક ધર્મ પ્રમાણેની ક્રિયા કરાવવામાં મને સારી રકમ પ્રાપ્ત થાય છે હું મારો જન્મ મારા સ્વાર્થને માટે સમજતો હતો, તે મારી માન્યતામાં જાદુઈ ફેરફાર થયો છે

પ્ર. " ત્યારે તો પગાર ઉપરાંત તમને સારી પેદાશ જણાય છે ? "

ઉ. " હું અસત્ય બોલતો નથી માટેજ કહીશ કે મારી દરિદ્રાવસ્થા દુર થઈ છે. તમને યાદ હશે કે હું આપની પાસે ચાર આનાની દક્ષિણા મેળવવાની લાલચે મૃત્યુંજયના જપથી મૃત્યુમાંથી મનુષ્યને બચાવી શકાય છે એવો અસત્ય વિશ્વાસ બેસાડી તેને ઔષધ કરવાના પુરૂષાર્થમાં પછાત પાડી મરવા પડેલા માણસની પાસેથી પૈસા કઢાવવાના અધમ કાર્યમાં સામીલ થતો હતો, તેની સ્થીતિ આજે સુનીતિના પયે વેદોક્તની રીતે ચાલતાં તદ્દન બદલાઇ ગઇ છે હવે હું સારી સ્થીતિમાં છું તેને માટે વૈદિક ધર્મનો રૂણીછું મારી એ દુઃખી હાલતમાં તમોએ મને મદદ કરી હતી, તેનો ઉપકાર ભૂલી ગયો નથી. માટેજ તેનો યથાશક્તિ બદલો વાળવા તમારી પાસે આવ્યોછું મારી તમને નમ્ર પ્રાર્થના છે કે તમો પોપ લીલાને છોડી દો મારી સાથે સનાતન વૈદિક ધર્મની શિતળ છાયા નીચે ચાલો, ત્યાં આપણે શુદ્ધ વૈદિક ધર્મનું સત્ય જ્ઞાન સંપાદન કરીએ આ વિદ્યામાં રસાતાળ જતા દેશને કંઈક આશ્રય આપીએ ત્યાં આપનો સારો સતકાર થશે ધર્મનિતિથી ચાલતાં પૈસો પણ સારો પ્રાપ્ત થશે આ સાભળતાંજ વ્યસની માહારાજનો મીજાજ ગયો ચાલ ચાલ છોકરા ! તું શું મને ફાયદો કરી આપવાનો હતો. હું ફક્ત એકજ ભક્ષ હાથમાં લઈશ કે જાણે હજારો રૂપિયા આવ્યાજ છે ! બ્રહ્મદેવે ઉપદેશ આપ્યો ભલા બ્રાહ્મણ ! હરિચંદ્ર રાજાની પેઠે એક ભંગીના ત્યાં ગુલામ તરીકે વેચાવું કબુલ છે, પણ અન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરવું એ અઘોર પાપ છે, તે શું તમારાથી અજ્ઞાત છે ? અન્યાયથી પ્રાપ્ત કરેલું દ્રવ્ય એ દ્રવ્ય નથી, પણ હળાહળ ઝેર છે ઝેર જેમ શુદ્ધ લોહીમાં મ-

જતા લોહી પણ ઝેરી થઈ સર્વ નાશ થાય છે, તેમ અન્યાયથી મેળવેલુ દ્રવ્ય પ્રમાણીક દ્રવ્યને પણ નષ્ટ કરે છે.

બ્રહ્મદેવનો ઉપદેશ સાભળી વ્યસની મહારાજની આખો તરી ગઇ તે ગુસ્સાથી બોલ્યા કે મારે એ ઉપદેશ સાભળવો નથી. તમે તમારે ઘેર જાઓ. ઘણુ થયુ. બ્રહ્મદેવે ઉક્ત અપમાન સુચક કથન શ્રવણ કર્યા પછી ઘર તરફ પ્રયાણ કયુ જેમ સર્પને દુધ પાવાથી દુધ પણ વિષ બને છે, તેમ બ્રહ્મદેવના ઉપદેશથી વ્યસની માહારાજને સારી અસર થવાને બદલે તેમના પાપી હૃદયમા દાવાનળ સળગ્યો, તેઓ ઇર્ષાગ્નિથી દહન થવા લાગ્યા. નિચ વિચાર ઉદ્ભભવ્યો કે શુ આજકાલનુ છોકરૂ મારા કરતા પણ પૈસાદાર થઈ ગયુ ? હુ જ ખરો કે ગમે તે કપટ જાળમા ફસાવી તેને કગાલ બનાવી દઉ

વ્યસની માહાર.જના હૃદયમા સળગેલો ઇર્ષાગ્નિ તેમના હૃદયને દહન કરવા ઉપરાત માહારાજના રહેવાસના ઘરને પણ ભડકે બાળવા લાગ્યો. અલ્પ સમયમા શોર બકોર શરૂ થયો દોડજો દોડજોના પોકારો દશેદિગત્તમા પસગાયા લાહ્ય થઇ, આગ થઈ, ભાગ માગ્યો, ગજબ થયો ઇત્યાદીના પોકાર વ્યસની માહારાજે પણ કરવા માડયા.

વિદ્યાર્થિ મિત્રો ? તમે સમજી ગયા હશો કે વ્યસની મહારાજે અગ્નિ સહીત જે ધુમ્રપાન વાળી ચલમ ગાદીના તકીયા પાછળ છુપાવી હતી, તેથી વસ્તુઓમા અગ્નિ પ્રગટ થયો અને અનુક્રમે તેનુ અનુસધાન એક બીજા પરત્વે થતા આખરે આખી ઈમારતમા અગ્નિ ફાટી નીકળ્યો. આટલી વાતા સાભળતાજ મને વિચાર આવ્યો તેથી મ્હારા પિતાશ્રીને પૂછ્યુ "પિતાજી મહારાજને ઇર્ષા ઉત્પન્ન થઇ તેનું જ ફળ તેમને મળ્યુ હો !

મ્હારા પિતાએ જવાબ આપ્યો, " હા બેટા ! આ ઉપરથી આપણે એ શીખામણ લેવાની છે કે જેના હૃદયમા અદેખાઇનુ સામ્રાજ્ય જન્મ પામે છે અને જે અતરમા અન્યનુ ભુડું ઇચ્છે છે તેનુ જ ભુડું થાય છે મે જવાબ આપ્યો, ' હું તો હવે કદી પણ બીજાનુ સારૂ દેખી ઇર્ષા કરીશ નહિ.

મારા પિતાએ મને વધારે સમજાવ્યુ, " પુત્ર ? આ વાર્તામાથી બીજી શીખામણ એ ગ્રહણ કરવાની છે કે અન્યાયથી મેળવેલુ દ્રવ્ય વિષ સમાન અને પ્રમાણીકપણે દ્રવ્ય મેળવવાની ઇચ્છા રાખે તેજ ખરો શ્રીમત છે.

મે કહ્યું પિતાજી ! એ શીખામણ પણ ધ્યાનમાં રાખીશ મ્હરા પિતાશ્રીએ વળી મને શીખામણ આપતા જણાવ્યુ કે આ વાર્તામાથી ત્રીજી શીખામણ એ સ્વીકારવી આવશ્યક છે કે જે વખતે ધુમાડો નીકળ્યો અને બ્રહ્મદેવે તેનુ કારણ પૂછયુ તેજ વખતે તે જૂઠું બોલ્યો નહોત અને અગ્નિ સળગતાજ બચાવ કર્યો હોત તો આ ભારે નુકશાન થવા સભવ નહોતો માટે જયા સત્ય છે ત્યાજ વિજય છે જુઠું બોલવું એ મહાન્ પાપ છે

મેં તેને ટેકો આપતા કહ્યુ, " ખરી વાત ! વ્યસની મહારાજ સાચુ બોલ્યા હોત તો આ દુ ખદ પરીણામ આવત નહિ પિતાજી ! હવે હુ સમજ્યો કે જુઠ કદી પણ બોલવું નહિ જો હું જૂઠું બોલું તો મને પાપની શિક્ષા થયા વગર રહે નહિ

મ્હારા પિતાએ ફરી કહ્યુ, " ચોથી શીખામણ એ લેવાની છે કે તમાકુ પીનારાઓના શરીરમા અનેક રોગ ઉત્પન્ન થાય છે એટલુજ નહિ પણ વખતે મહાન પ્રયત્ને બધાવેલી ઇમારતમા આ પ્રમાણે અગ્નિ પ્રગટ થઇ નુકશાન થવાનો પણ ભય રહે છે

મે કહ્યુ, " સત્ય છે. હુ તો મ્હારી જીદગીમા તમાકુ કદી પણ નહી પીઉ એટલુજ નહિ પણ મ્હારા સબધીઓને પીવા દઇશ નહી અને જેઓ પીતા હશે તેમને આ વૃતાત સભળાવીશ. અરેરે ! કેટલી મહેનતે તેણે ઘર બનાવ્યુ હશે કેટલુ ખર્ચ કરી રાચ રચીલુ એકઠું કર્યું હશે પણ આખરે એક નિદનીય વ્યસનના કારણથી સર્વત્ર બળી સ્વાહા થઇ ગયુ વારૂ પિતાજી ! પછી તે અગ્નિ કોઇ રીતે શાન્ત થયો કે નહિ? મ્હારા પિતાએ કહ્યુ, " હજારો માણસો આવી પહોચ્યા રક્ષણ કરનારી પોલીસ પણ દોડી આવી પાણીનો મારો ચલાવ્યો અને જે વસ્તુઓ ઘરમાથી બહાર નીકળી શકે તેવી હતી તેને આગથી બચાવવા બહાર કહાડવા લાગ્યા વ્યસની મહારાજના દુર્ભાગ્યે બહાર નીકળતી વસ્તુઓમા એક દાગીનાનો દાબડો નીકળ્યો તેને પોલીસના માણસો તપાસવા લાગ્યા હજારો માણસોની મેદની જામી હતી તેમાના એક ગૃહસ્થે દાગીના દેખતાજ જોરથી પોકાર કર્યો. લોકો તાજુબ થવા લાગ્યા કે વળી વચ્ચે આ શુ ધતીગ જાગ્યું. કેટલીક વારે તેના પોકારનું પ્રયોજન સમજાયુ પોકાર કરનારે ફરીયાદ કરી કે હું મદીરનો પુજારીછુ અને આ અલકારો સા-

ક્ષાત ભગવાનને પહેરવાના છે. જે અલંકારોની ટકીક મુદત ઉપર ચોરી થઇ હતી કીન્તુ પતો લાગતો નહોતો તેનો સદ્ભાગ્યે આજે અચાનક પત્તો મળી આવ્યો છે માટે તે વસ્તુઓ પોલીસે કબજે કરી લેવી જોઇએ.

વ્યસની મહારાજના ઘરમા જ્યારથી પ્રચંડ અગ્નિ ફાટી નીકળ્યો. ત્યારથી જ તેઓ પોકેપોક મુકી તેમના ગત બુજર્ગોનું સ્મરણ કરતા હતા પણ જ્યારે તેમણે જાણ્યુ કે મંદીરની ચોરીના દાગીના પકડાઈ ગયા છે ત્યારે તો તે ખચીત દીવાના જેવા થઇ ગયા.

પ્રજાની અને પોલીસની અત્યંત મહેનતથી અગ્નિ શાન્ત થયો તથાપી ઘર લગભગ સર્વથા બળી ભસ્મ થઇ ગયુ હતું ઘરની અંદરની રિદ્ધી સીદ્ધિ પણ ખાખવત થઇ હતી. ફક્ત કેટલાક દાગીના બચવા પામ્યા હતા તે તો દુર્ભાગ્યે ચોરીના નીકળ્યા. એટલે વ્યસની મહારાજના દુ:ખની પરાકાષ્ટા થઇ.

પ્રકરણ ૫ મું.

અવિદ્યાનું પરીણામ.

પોલીસે દાગીના હસ્તગત કર્યા તેની સાથેજ વ્યસની માહારાજને પણ કબજે કર્યા દાગીના તેમના હવાલામા શી રીતે આવ્યા ? તે માટે માહારાજને ખુલાસો પૂછતા તેમણે નિચે પ્રમાણેનો એકરાર કર્યો.

" એક વૈશ્ય વ્યાપારી વર્ગની સ્થીતિમા શ્રીમંત હતો. તેની પાસે લાખો રૂપિયાનુ દ્રવ્ય હતુ. ધનવાનની પદવી પ્રાપ્ત થવાને લીધે તેને સર્વ કોઇ માન આપતુ હતુ તે શોખીન, ઉડાઉ, અને દુરાચારી હોવાથી નઠારા મનુષ્યોની સોબતમા પડયો હતો તેના દુરાચારી મિત્રો મફતના પૈસા ઉડાવવા તથા મેંજ મજા માણવાને હમેશ તેની પાસે હાજર રહી ખુશામત કરતા હતા સારાસારનો વિચાર કર્યા વગર તે દરેક બાબતમા હાજીહા ભણતા અને વાહવાહ ઉચ્ચારતા હતા. તેથી તે ધનપતિ તેમના પ્રત્યે પ્રસન્ન રહેતો હતો, પાસે પૈસો પુષ્કળ હોવાથી નવીન ઉદ્યોગ કરવાની તેને દરકાર નહોતી, પં અક્ષરનુ જ્ઞાન મેળવવાની તે કાંઇ પણ જરૂર ધારતો નહતો. તેથી તે નિરક્ષર રહ્યો હતો જેમ ગોળના કોથળા

ઉપર હજારો મક્ષીકાઓ તલપી તલપીને આવે તેમ શહેરના તમામ લુચ્ચાઓ, અને બદમાસો તેની પાસે ગમતમા ભાગ લેવા આવતા, પ્રત્યેક માણસ તેની પાસેથી દ્રવ્ય કાઢવાને પ્રયત્ન કરતો અને તેમા તે ફતેહમંદ થતો. વેશ્યાઓના નાચ, નીશા બાજી, જુગાર અને ગમ્મતની તથા મોજ શોખની વસ્તુઓ ખરીદવામા તે હજારો અને લાખો રૂપિયા ઉડાવતે હતો. આવી બેવકુફીના સખત તોફાનમા સંસાર સમુદ્રમા પોતાની વ્યવહાર નૌકા કેવી રીત્યે આગળ ચાલશે તેનો એક ક્ષણને માટે પણ અ ધનપતિને વિચાર થતો નહોતો. નઠારા મિત્રોની ઝેરી અસર દીન પ્રતિદીન તેની રગે રગમા વૃદ્ધિ પામવા લાગી. આખરે તેના દુરાચારી મિત્રોએ તે અજ્ઞાન ધનપતિને વામ માર્ગમા પ્રવર્ત્તાવ્યો. જેવી જરૂર હતી તેવુંજ મળ્યુ દેવીની ભક્તિના નિમીત્તે મધુપાન કરવુ, માસ ભક્ષણ કરવુ, વ્યભિચાર કરવો, એ ક્રમ તેમના સિદ્ધાન્ત પ્રમાણે ધર્મમા ગણાયુ. આવા દુરાચારમા તેનુ દ્રવ્ય પાણીના પુરની માફક વહી જવા મદીરાની કેફમા બેભાન થતા તેના શરીર ઉપરથી કીમતી દાગીના લુટાઇ જવા લાગ્યા. શેઠનાં અજ્ઞાનતાનો લાભ લેઇ ગુમાસ્તાઓ પણ પોતાના ઘર સ્વચ્છદે ભરવા લાગ્યા તેના દુષ્ટ સોબતીઓ તો પ્રતીપળે તેના ખીસા ખાલી કરવામાજ મડયા રહેતા વામ માર્ગી ધર્મ ગુરૂઓ આવા વર્તનથીજ મોક્ષ મનાવવા લાગ્યા. એટલે તો આ હૈયા ફુટયા ધનપતિને તો પરલોકની પણ ચિન્તા રહી નહિ પરીણામ એવુ ભયકર આવ્યુ કે ભાઇના ખીસા ખાલી થયા ખુશામતીઆ અને સ્વાર્થી મિત્રો પણ ભાઇની હાલત બગડેલી જાણી ધીમે ધીમે ખસવા લાગ્યા. એક આબરૂદાર સાહુકાર વર્ગનો ખાનદાન કુટુબનો પુત્ર ઘણીજ દયાજનક સ્થીતિમા આવી પડ્યો હમેશ મધુપાન કરવાની પડેલી કુટેવે તેના શરીરને બેચેન કરવા માડયુ આકાશ સામે જોઇ બગાસા ખાવા માડયો. સુસ્તીએ શરીરમા મજબુત રીતે પ્રવેશ કર્યો આખમાથી અશ્રુની ધારા વહી ચાલી હાથ પગ ખેચાવા લાગ્યા. અન્ન ખાવા ન મળે તો ખેર પણ મધુપાન પીવાની લાલચથી જેમ એક કગાળ ભીખારી ભીક્ષા માગવા નીકળે તેમ દયાજનક મુખમુદ્રા કરી તે તેના નિચ મિત્રો પાસે જવા લાગ્યો પણ તેમણે તેને એક પળવારને માટે પણ પેસવા દીધો નહી

ભાઇ શ્રીમતાઇના મદમા ભણ્યા નહોતા એટલે ઉદ્યમ કરવાની શક્તિ તો હોય જ ક્યાથી ? કેફી ચીજોથી શરીર દીન પ્રતિદીન કમજોર

થયું હતુ. જેથી મજુરી કરવાને પણ હિમત નહતી. એક શ્રીમતનો પુત્ર હજારોને આખો મીચીને પૈસા આપતો હતો તે ભીક્ષા માગવા નીકળે તે પણ મુશ્કેલ હતુ, તેથી તેણે છેવટે નીચ ઇલાજ શોધી કાઢયો. એક મદીરમા ભક્તિ કરવાના ડોળથી પ્રવેશ કરીને મદીરમા બીરાજમાન કરેલી મૂર્તી ઉપરથી દાગીના ચોરી લેવાનો ઇરાદો કર્યો પકડાઇ જવાનો ભય હતો અતર્યામી આ કામ નહી કરવાને અત કરણમા સુચના કરતા હતો. પરતુ બીજી તરફ મદ્ય પીવાની ઉત્કંઠા, તેને અધ બનાવતી હતી. સારૂ મૂહુર્ત જોવડાવી, ફતેહમદ થઇ શકાશે કે નહિ તેની જ્યોતિષ વિદ્યાથી ખાત્રી કરાવી, બાદ ચોરી કરવાનો તેણે નિશ્ચય કર્યો. એક વખતે રાત્રીને સમયે તે મ્હારી પાસે આવ્યો અને ચોધાર આસુથી રડી પડયો અને તેનુ વૃતાન્ત મને કહી સભળાવ્યુ તથા પોતાનો ઇરાદો મને જાહેર કરી ચોરી કરવા જવાનુ મૂહુર્ત શોધી કાઢવા મને જણાવ્યું. મુહુર્ત માર્તડ નામનુ પુસ્તક મે તપાસી જોયુ તો તેમા ચોરી કરવા જવાના, જુગાર રમવાના ઇત્યાદી દુરાચાર કરવાના મૂહુર્ત જણાવેલા હોવાથી તે પુસ્તકના આધારે મે મૂહુર્ત શોધી આપ્યુ તે બદલ તેણે મને દક્ષિણા આપવી જોઇએ પણ તેની પાસે ઝેર ખાવાને એક પાઈ સરખી પણ નહતી એટલે તેણે મારી સાથે કરાર કર્યો કે જો હુ તમારા બતાવેલા મૂહુર્ત પ્રમાણે ચોરી કરતા ફતેહમદ થઇશ તો નીમે હીસ્સો દક્ષિણા બદલ તમને આપીશ, એમ કરીને વિદાય થયો. પાછલી રાત્રીએ તે પુન: આવ્યો, અને મને જણાવ્યુ કે હુ તે મદીરમા દાખલ થયો અને શાક્ષાત ભગવાનની મૃતિ ઉપર ધરાવેલા દાગીના દ્રષ્ટીગોચર થયા તે તમામ ચોરી લાવ્યો છુ મારૂ કાર્ય પૂર્ણ થયુ ત્યા સુધી કોઇ મનુષ્ય જાણવા પામ્યુ નથી

મે તેને કહ્યું, " જ્યારે નાઇ જાણવા પામે ત્યારે અમારી વિદ્યા શા કામની ? મ્હારૂં મૂહુર્ત એવુ છે કે જીદગી સુધી આ વાત કદી પ્રકાશમા આવી શકે નહિ

તે સાભળી તેણે મને શાબાશી આપી અને નીમે હિસ્સાના દાગીના મને આપ્યા. બાકીના દાગીના પણ તેણે મ્હારા સાજ રૂ. ૫૦૦)–રોકડા લઈ વેચી દીધા હતા હવે મ્હારા પાપનો ઘડો ભરાયો છે, તેથી તે ફુટયો છે. સારૂ કરનારનુંજ સારૂં થાય છે મ્હારા જેવા નીચ કર્મ કરનારનુ કદી સારૂ થતુ નથી.

પ્રકરણ ૬ ઠું.

કસુરવાન કોણ ?

પોલીસે આ હકીકત શાભળી પેલા ઉડાઉ ધનપતિને પકડી મંગાવ્યો. તેને આ સબંધમાં ખુલાસો પુછતા પોતાનુ પોકળ પ્રગટ થઇ ગયાનુ જાણી તેણે સત્ય હકીકત નીવેદન કરી અને પોતાના બચાવમા નીચે પ્રમાણેની હકીકત જાહેર કરી. તેણ કહ્યુ કે, મારી કમબખ્તીનુ મુખ્ય કારણુ મદ્યપાન છે દેવીની ભક્તિ કરી મોક્ષ મેળવવા માટે મદ્યપાન કરવુ જોઈએ એવુ ધર્મ ગુરૂઓએ મને શિક્ષણ આપ્યુ ને હુ તે વિકટ પથે દોરાયો તેમા મુખ્ય ગુન્હો તેવા પાપી ધર્મ ગુરૂઓનો છે. મને પરલોકમા મોક્ષ મળવો તો બાજુપર રહ્યો પણ અહીઆજ નર્ક ભોગવવાનો સમય સમીપ આવી પહોચ્યો હજુ ભવિષ્યમા મ્હારી કેવી અધમ દશા થશે તે કાણુ જાણે છે ? શ્રીમતાઈના મદમા મે ભણવાની પરવા કરી નહી, જેવી સોબત તેવી અસર એ મહા વાક્યનું મને ભાન થયુ નહિ. દયાળુ રાજ્યની ફરજ છે કે મ્હારા જેવા બેવકુફો જે ધન ઘેલા થઇ ભણવાની દરકાર કરતા ન હોય તેમને ફરજીઆત કેળવણી આપવી. તે ફરજ રાજ્યે અદા કરી નહિ એ કસુર કોની છે ? ખરાબ સોબતની ઝેરી અસરથી મ્હારા આવા હાલ થયા છે ચોરી કરવાનો વિચાર મારા મનમા ઉદય પામ્યો અને હુ મૂહુર્ત્ત શોધાવવા જ્યોતીષી પાસે ગયો ત્યારે શાસ્ત્રમાથી પણ ચોરી કરવા જવાનુ મુહુર્ત્ત નીકળ્યું એટલે હુ સ્વાભાવિક રીતે સમજ્યો કે ચોરી કરવાની શાસ્ત્રમા પરવાનગી આપેલી છે હવે જો તે ગુન્હો હોય તો તે કસુર મ્હારી કે શાસ્ત્રની ? હું કોઇ મનુષ્યને ત્યા ચોરી કરવા ગયો નથી, પણ સાક્ષાત ભગવાનને ત્યા ગયો છુ. તે ભગવાન સર્વના પરમ પિતા ગણાય છે શુ પિતાની મીલકત પુત્ર લઈ આવે તે ગુન્હો ગણાય કે ?

જે વખતે હુ ચોરી કરવા મદીરમા પેઠો ત્યારે મને વિચાર આવ્યો કે જે ભગવાન આખા જગતનુ રક્ષણ કરે છે તે શુ પોતાનું રક્ષણ કર્યા વગર રહેશે ? એવી મને શકા થઇ પરન્તુ જ્યારે મેં મર્તિ ઉપરથી દાગીના એક પછી એક ઉતારવા માડ્યા પરતુ તે મૂર્ત્તિએ પોતાનું ડોકુ સરખુએ પણ ધુણાવ્યુ નહિ, પગ હલાવ્યા નહી હાથ આખ ઉ-

ધાડી નહિ, ત્યારે હું સમજ્યો કે મ્હારૂં દુઃખ દૂર કરવા માટે તે દાગીના મને ભગવાન લેવા દે છે, અને ચુપ રહી સમતી આપે છે. હવે જો આ કૃત્યને ગુન્હો કહેવામાં આવે તો તે કસુર મ્હારી કે મૂર્તિની ? કે જેણે વગર આનાકાનીએ દાગીના લેવા દીધા ? મેં જે ભગવાનની ચોરી કરી છે તે ભગવાન શું આ બાબતમાં મ્હારા વિરૂદ્ધ ફરીયાદ રાખે છે ? શું તેના ત્યાં કોઈ વાતની કમી છે ! જ્યારે હું શ્રીમંત હતો ત્યારે હજારો રૂપિયા મંદીરોમાં આપતો તો જ્યારે હું રંક થયો છું ત્યારે તે મને કંઈ નહિ આપે ?

તપાસ કરનાર પોલીસના અમલદારે આ બચાવ સાંભળી તે ધનપતિ પ્રત્યે આનંદ-સંતોષ જાહેર કર્યો જો કે કાયદા પ્રમાણે તો તેને ન્હદ કર્યો પણ ખુલ્લે ખુલ્લું ઝાહેર કર્યું કે આ માણસની બુદ્ધિ એવી તીવ્ર છે કે જો તેણે વિદ્યાનો અભ્યાસ કર્યો હોતતો તે સારો નામાંકિત નીવડત તેનું કહેવું યથાર્થ છે કે પત્થરની નીર્જીવ મૂર્તિને પરમેશ્વરના નામથી પૂજાવનારા ઘણી વખતે આવી ભૂલમાં મનુષ્યોને સપડાવે છે એ મૂર્તિ સાક્ષાત પરબ્રહ્મ છે એમ ધર્મ ગુરૂઓ અંધ શ્રદ્ધાળુને ઠસાવતા ન હોત તો આ ધનપતિ આવો બચાવ કરી શકત નહિ

મ્હારા પીતાએ વાર્તા પુરી કરતાં જણાવ્યું છે કે ઉપર પ્રમાણેની કસુર કરવાથી એ માણસો ચોર તરીકે ગણાય છે હવે તે વાર્તાના સારાંશમાંથી પુત્ર ! મ્હારે ઘણું શીખવાનું છે.

પહેલું—લક્ષાધીપતિ શ્રીમંત પણ વિદ્યાના અભાવે કંગાળ સ્થીતિમાં આવી પડ્યો માટે શ્રીમંત થવું તે કરતાં વિદ્વાન થવું શ્રેયસ્કર છે.

બીજું—નઠારા મિત્રોની સોબતથી ઝેરી અસર થાય છે માટે સોબત કરવી તો સુપાત્રની કરવી.

ત્રીજું—સ્વાર્થી અને ખુશામતીઆ મિત્રો કે જેઓ ચઢતીના સમયમાં સાથી હોય છે તેઓ પડતી વખતે દાઝયા ઉપર ડામ સમાન થઈ પડે છે.

ચોથું—મદ્યપાન જેવી તન, મન, અને ધનની હાની કર્તા વસ્તુ અન્ય કોઈ નથી. મદ્યપાન અન્ય દુર્ગુણોને પણ આમંત્રણ કરે છે.

પાચમુ—મૂહુર્તમાર્તંડ જેવા મનુષ્ય કૃત્ય ગ્રથો જે વેદોથી પ્રતિકુળ હોય તેના ઉપર વિશ્વાસ રાખવો નહિ કારણ કે તે શુદ્ધ વૈદીક ધર્મને કાળો ડાઘ લગાડનારા છે.

છઠ્ઠુ—મૂહુર્ત્ત પ્રમાણે કામ કરવામા આવે તો અવશ્ય ફતેહમંદ થવાય એ માત્ર ખોટી કલ્પના છે

સાતમુ—ચોરી કરવી તે દુષ્ટમા દુષ્ટ અને અધમમા અધમ કુકમ છે

આઠમુ—પાષાણુની જડ મૂર્તિમા તેનુ પોતાનું રક્ષણ કરવાની પણ શકિત નથી. તેનાથી લાભ થવાને બદલે ગેરસમજ ઉત્પન્ન થવા પામે છે.

નવમુ—ચોરી કરવી, અને ચોરીની મિલકત રાખવી એ બે સરખાજ ગુન્હા છે

દસમુ—અન્યાયથી મેળવેલુ ધન કદી પણ રહેતુ નથી ઉલટુ પ્રમાણિક પણે મેળવેલુ દ્રવ્ય તેની સાથે ઘસડાઈ જાય છે.

અગીયારમુ—ટીલા ટપકાના બાહ્ય ડોળથી ધાર્મિક ગણાવુ તે કરતા સદ્ગુણ મેળવી સદાચારથી મનને પવિત્ર કરી ધાર્મિક ગણાવુ હજાર દરજ્જે સ્તુતિપાત્ર છે

બારમું—જે ધર્મમા અથવા જે પંથમા મદ્યપાન કરવાની કે અનાચાર કરવાની આજ્ઞા હોય તે ધર્મ પથ નથી પણ અઘોર નર્ક પંથ છે.

પુત્ર ! ઉક્ત બે ચોરની વાર્તા સાભળવાની તને જેવી ખંત હતી તેવીજ ખંત તેમના વૃતાન્ત ઉપરથી સિદ્ધ થતી શીખામણો ગૃહણ કરવા માટે ધારણ કરજે.

મેં મ્હારા પિતાનું કહેલુ અક્ષરસ. શ્રવણ કર્યું જે તરત બનેલા બનાવે મને એવી સજ્જડ અસર કરી હતી કે હજુ તે મ્હારા હ્રદય પટ ઉપર કોતરાયેલી છે.

પ્રકરણ ૭ મું.

મર્કટનું સરઘસ.

ન્યાય મંદીર આગળથી અમો પુત્ર પિતા ઘેર જવા નીકળ્યા. રસ્તે જતા વળી એક અજાયબી ભરેલો બનાવ અમોએ દ્રષ્ટીગોચર કર્યો. અર્થાત્ અમને એક સરઘસ સામુ મળ્યુ. જેમા ઘણા માણસો એકત્ર થએલા હતા સરઘસ આગળ પરદેશી વાજું વાગતુ હતું તેની પાછળ એક ઘોડો હતો જેના ઉપર એક મર્કટ બેઠેલુ હતું તે મર્કટની પાસે એક લાકડાની ન્હાની પેટી હતી જેમા વિજ્ઞાપન પત્રિકાઓનો જથો હતો, તેમાની એકેક પત્રિકા રસ્તે આવતા જતા મનુષ્યોને વહેચવામા આવતી હતી તે કામ મર્કટ સ્વહસ્તે કરતુ હતુ

આ બનાવ જોઈ હુ વિસ્મય પામ્યો કારણ કે લગ્ન પ્રસંગ અથવા અન્ય શુભ પ્રસંગે તેવા સરઘસમા માણસને તો ઘોડા ઉપર બેઠેલા જોયા હતા પણ આ મર્કટનું સરઘસ જોઇને મને આશ્ચર્ય લાગ્યુ તેથી મે મ્હારા પિતાજીને પૂછ્યુ. “ પિતાશ્રી ! આ શુ છે ? ”

મ્હારા પિતાએ પ્રસ્તુત વિજ્ઞાપન પત્રિકાનુ અવલોકન કરી કહ્યુ, “ પુત્ર ! આ શહેરમા ખેલ કરવા માટે સ્વદેશી સરકસ આવેલુ છે જેમા કેટલાક ન્હાના જેવા બાળકો, યુવકો, કન્યાઓ, મર્કટો, રીછ રીછડા, હાથી, ઘોડા, વાઘ, શ્વાન, ઇત્યાદી પ્રાણીઓ છે જેઓ હેરત પમાડનારા ખેલો અને કસરત કરી બતાવશે. તે સરકસમાનુ આ મર્કટ છે જોને આ મર્કટ કેટલુ કળાએલુ છે ? તેની ચાલાકી જોતા સરકસ ઘણુ જોવા લાયક હશે. એવુ અનુમાન થાય છે

મેં ફરી પૂછ્યુ, “પિતાશ્રી ! આવા ઘણા વાદરા આપણા ગામમા રખડે છે. તે તો કદી ઘોડા ઉપર સ્વાર થઇને આવા કાગળો વહેચતા નથી?

મ્હારા પિતાએ કહ્યુ, “ એ વાદરા કેળવાએલા નથી, વગર કેળવાએલા મનુષ્યો જેમ પૃથ્વીને ભાર રૂપ છે તેમ તે બિચારા જંગલી વાદરા પણ સમજવા ? આ વાદરાની કીમત ઓછામા ઓછી સો બસો કે તેથી વધારે હશે વળી એના કરતા પણ વધારે કીમતી જનાવરો તુ સરકસમા જોઇશ કેટલાક જાનવરો કેળવણી લેઇ એવા ઉપયોગી થઇ પડે છે કે જેને મનુષ્યો દશદશ હજાર રૂપિયા આપી ઘણી ખુશીથી ખરીદ કરે છે અને ખચીત તેઓ ઘણી રીતે ઉપયોગી થઈ પડે છે વિદ્યા એ વસ્તુ એવી છે કે જે જડ વસ્તુને પણ કીમતી બનાવી શકે છે અર્થાત્ પત્થરને હીરો બનાવી શકે છે આ ઉપરથી પુત્ર ! ત્હારે એ શી-

ખામણુ ગ્રહણુ કરવાની છે કે જે જમાનામા પશુ પક્ષીઓ પણુ કેળવાઇ પોતાને કીમતી લેખાવે છે તે જમાનામા જ્યારે મનુષ્યો કેળવણી પ્રાપ્ત કરશે નહિં, ત્યારે તેમની કેવી દુર્દશા થશે ? તેનો વિચાર કરવો જોઇએ પુત્ર ! હાલ જે મનુષ્યો કેળવાયલા નથી તેમને માત્ર ખોરાક આપવાના બદલામા પણુ કોઇ સ્વીકારતુ નથી, ત્યારે આ કેળવાયલા પ્રાણી હજારોની કીંમત આપવાથી પણુ મુશ્કેલીથી મળી શકે છે. એ ન્યાયે કેળવણી પામ્યા વગરના મનુષ્યો પશુ કરતા પણુ કેટલા અધમ છે. તેનુ એની મેળે માપ થાય છે આ હકીકત સાભળતા મને અત્યત શરમ ઉત્પન્ન થઇ કેમકે તે મર્કટ કરતા પણુ હુ અધમ સાબીત થયો. તત્સમયે મ્હારા મનમા લાગી આવ્યુ કે અહીથી કયારે ઘેર પહોચુ અને નિશાળે જાઉં અને વિદ્યા ભણવાની શરૂઆત કરૂ. મેં મ્હારા પિતાને કહ્યુ "પિતાશ્રી! ચાલો હવે ઘેર જઇએ." મ્હારા પિતાએ કહ્યું; "બહુ સારૂ" ત્યાથી અમે ઘેર વિદાય થયા—

પ્રકરણુ ૮ મું.

કેળવણીનો ચમત્કાર.

રાત્રીના આઠ વાગ્યા એટલે મ્હારા પીતાએ કહ્યું "પુત્ર ! સરકસ જોવા જઇશુ ?" મે હા કહી અમો ઘેરથી નીકળી સરકસમા ગયા, ત્યા અજાયબી પમાડનારા ઘણા દેખાવ દ્રષ્ટિગોચર કર્યા. જેમા એક રીંછ અને રીંછડાનો ખેલ અમને બોધદાયક જણાયો, પ્રથમ એક રીંછડો યુરોપીઅન પોશાકમા સજ્જ થઈ હાથમા ભપકાદાર લાકડી લઈ નાકે અસ્મા ચઢાવી, પગમા બુટ પહેરી, બે પગે ચાલતો રંગ ભુમિ ઉપર આવ્યો જ્યા બે ખુરશીઓ અને એક ટેબલ હતુ. ત્યા આવી તે ખુરશી ઉપર બેઠો, ટેબલ ઉપર એક વર્તમાન પત્ર પડેલુ હતુ તે હાથમા લઇ જાણે મનમા વાચતો હોય એમ સન્મુખ ધર્યું તે પછી એક રીંછ મડમના પોશાકમા સજ્જ થઈ, પગમા બુટ પહેરી, હાથમા છત્રી પકડી, નાકમા ચશ્મા પહેરી, ત્યા આવી. તેને આવતા દેખી રીંછડો સામે લેવા ગયો, હસ્ત મેળાપ કરી સન્માન પૂર્વક તે રીંછને ખુરશી ઉપર બેસાડી પોતે પણુ ખુરશીપર બેઠો, અને બન્ને એ વર્તમાન પત્ર વાચવાનો દેખાવ કર્યો, ત્યાર પછી રીંછડાએ ટેબલ ઉપરની ટોકરીથી ઘંટા નાદ કર્યો. તે

સાભળીને બાજુ ઉપરનો એક કુતરો ત્યાથી નીકળ્યો જેણે પટ્ટો પહેરેલો હતો. તેથી એમ અનુમાન થતુ હતું કે તેણે પટાવાળાની પદવી ધારણ કરી છે તે કુતરો પડદા પાછળ ગયો, અને એક મર્કટને બોલાવી લાવ્યો. તે મર્કટની પાસે એક ચીનાઈ માટીનો થાળ હતો. જેમા બે ચહાના પ્યાલા હતા. અને તેમા એકેક ચમચો હતો. તે થાળ વાદરાએ ટેબલ ઉપર મુક્યો, અને પછી તે વાદરો અને કુતરો ત્યાથી ગયા. રીછ અને રીછડાએ વતમાન પત્ર ટેબલ ઉપર મકયા, અને જાણે તેઓ અરસપરસ વાર્તા કરતા હોય એવા ડોળ કરવા લાગ્યા. પછી રાછડાએ ચાહનો પ્યાલો રીછ આગળ મુક્યો અને એક પ્યાલો પોતે લીધો, અન્યોઅન્ય મનવાર કરવા માડયા. અને અતે ચાહ પીધી પછી રીછડાએ ફરી ઘટા વગાડી એટલે કુતરો હાજર થયો. તે મર્કટને બોલાવી લાવ્યો મર્કટ પ્યાલા, અને થાળ અદર લેઈ ગયો. અને મેવાનો થાળ લઇ આવ્યો ત્યાર પછી તેમણે મેવા ખાધો. આ બનાવ જોયા પછી મ્હારા પિતાએ મને કહ્યુ " પુત્ર ! આ જાનવર છતા કેવુ કામ કરે છે તે તું જો. માત્ર તેમને આપણા જેવા વાચા નથી તેથી બોલ્યા વગર કામ કરી શકે છે. પરંતુ તેઓ કેટલા કેળવાયલા છે ? વળી રીછ, શ્વાન, અને મર્કટ - જેઓ એક બીજાને ફાડી ખાનારા છે. તેઓ પણ સપથી એક બીજાની કેવી નોકરી બજાવે છે ? અને મનુષ્યો એક પરમાત્માના પુત્રો છતા પરસ્પર વેર, દ્વેષ, દખે છે, માટે તું સર્વથી સપીને ચાલ વિદ્યા સપાદન કર અને મનુષ્ય તરીકેની ત્હારી ફરજો પુરેપુરી અદાકર " આ સાભળીને હુ મૌન્ય રહ્યો. કારણ કે વિદ્યા સપાદન કરવાથી થતા ફાયદાઓનુ દિગદર્શન મ્હારા પિતાએ પ્રથમ પ્રત્યક્ષ રીતે કરાવ્યુ હતુ. સરકસ જોયા પછી તેમા આબેહુબ ઉમેરો થયો. ત્યાર પછી અમો ઘેર ગયા —

પ્રકરણ ૯ મું.

ઉત્સાહમાં વિઘ્ન.

સવાર થયુ સૂર્યનો ઉદય થયો પણ ભાગ્યનો ઉદય ક્યારે થશે ? તેનુ ચીંતવન દુર થયુ નહી. પિતાશ્રીને મળવાની ઉત્કંઠા થઇ, મળ્યો, વિનંતી કરી કે મને આજે નિશાળે મોકલો. મ્હારા પીતાએ કહ્યુ કે ઘણુ

સારૂ પુત્ર ! હાલ તને જેવી ભણવાની ઉલટ થઈ છે, તેવીજ ઉલટ કાયમ રહેશે તો તુ ખચીત દુનિયામા એક રત્ન તરીકે પ્રખ્યાતી પામીશ દુનિયામા કોઈ માણુસ સદેહે અમર નથી. સદેહે અમર હોવાની વાર્તાઓ અને કથાઓ જૂઠી છે. પણ જેનુ નામ અમર છે તેજ અમર છે અને તેજ સ્વર્ગમા છે તેનોજ મોક્ષ છે જે મનુષ્યના મરણથી આખો દેશ રડે છે તેજ મનુષ્ય ગણાય છે. જે મનુષ્યના દુ ખથી આખો દેશ દુ.ખી થાય છે તેજ જગતમા જીવ્યો ગણાય છે માટે પુત્ર ! તુ સુખે નિશાળે જા. અને મનુષ્ય થા. પણ મેહેતાજી કે જે ત્હારા ગુરૂ થશે તેમને પિતા તુલ્ય માની સૌથી પ્રથમ તેમને નમન કરી તેમની આજ્ઞાનુસાર વર્તજે માતા પિતા પ્રત્યેની ત્હારી જે ફરજો છે તેજ ફરજો ગુરૂ પ્રતિ અદા કરજે ”

મે પૂછ્યુ, “ પિતાજી ! માતાપિતા પ્રત્યેની મ્હારી શુ ફરજો છે ! તે તો હુ સમજતોજ નથી મે તો હાલ સુધી માતાપીતાને અમુક વસ્તુને માટે કલેશ કરી સતાવ્યા છે ”

મ્હારા પિતાએ જવાબ આપ્યો, ‘ પુત્ર ! તેવીજ રીતે નવીન નવીન વિદ્યા મેળવવાને તુ ગુરૂને સતાપજે તેથી તેઓ ત્હારા પ્રત્યે ખુશી બતાવશે પણ કલેશ કરશે નહિ માતપિતા પ્રત્યેની ત્હારી ફરજો એ છે કે પ્રાત કાળમા પથારીમાથી ઉઠયા પછી માતાપિતાને મળવુ થાય ત્યારે સાષ્ટાગ દડવત્ પ્રણામ કરવા તેમ ન બની શકે તો હાથ જોડી નમન કરવુ તેમની આજ્ઞા પાળવી અને પુખ્ત વયના થયા પછી તેમની વૃદ્ધાવસ્થામા ચાકરી કરી પોષણ કરી સેવા બજાવવી, ઇશ્વરી આજ્ઞાનુ ઉલઘન થતુ ન હોય તો માતાપિતાની આજ્ઞા પ્રાણાન્તે પણ પાળવી, આ હકીકત સત્ય છે તુ જે છોકરાની સોબતમા રહીશ તે છોકરાઓ કદાચ આવુ વર્તન નહિ રાખતા હોય તો તેમનુ અનુકરણ તુ કરીશ નહીં કારણકે તે તેમની ભુલ છે. કદાચ પુત્ર તરફથી તેવુ વર્ત્તન ન રાખવામા આવે તો તેથી માતપિતા ગુસ્સે થતા નથી એ તેમના પ્રેમની પરીસિમા છે. તોપણ આપણે તો આપણી ફરજ યથાસ્થિત બજાવવીજ જોઇએ પુત્ર ! હુ તને જે શીખામણ આપુ છુ તે પ્રમાણે મે પોતે આચરણ રાખ્યુ નથી તે માટે મને બહુ પશ્ચાતાપ થાય છે. સસારમા ગઇ વસ્તુ પૈસા ખરચતા મળી શકે છે પણ માતપિતા મળતા નથી જો મળતા હોત તો તેમની સેવા બજાવી પ્રાયશ્ચિત કરી મુક્ત થાત. હવે તે પ્રાયશ્ચિત દુર કરવાને હુ જેટલા વૃદ્ધ સ્ત્રી પુરૂષના સહેવાસમા આવુ છુ તેમની સેવા

બજાવવાને ચુકતા નથી. મે જેવી ભુલ કરી તેવી ભુલ ઘણા બંધુઓ કરે છે. તેઓ માતપિતાના મર્ણ પ્રશ્ચાત શ્રાદ્ધાદિક ક્રિયાઓ કરીને તેમને ભાતું પહોંચાડવાના ફાંકા મારે છે અને તે પ્રમાણે મરનાર પિત્રીઓને ભાતું પહોચાડવાનો દાવો અમારા પુજનિક બ્રાહ્મણો રાખે છે. જો કે તે પ્રમાણે પિત્રીઓને તે પહોચી શકતુ નથી એમ અમે સમજીએ છીએ કેમકે જો સ્વર્ગમા તે પ્રમાણે પહોચી શકતું હોય તો વિદેશમા પણ પહોચવુ જોઇએ ને પહોચતુ નથી, તોપણ માતપિતાના મર્ણ પછી અમે તેમની જે ભક્તિ બજાવવા તત્પર થઇએ છીએ તેવીજ ભક્તિ માતપિતાની હયાતીમા બજાવતા નથી, તેમને પ્રાત કાળમા વંદન કરતા નથી, તેમની આજ્ઞાઓનુ પાલન કરતા નથી, તેમનુ પોષણ અને તેમનો સત્કાર કરતા નથી, અને તે પ્રમાણેની ભક્તિ કરવી તો બાજુ ઉપર રહી કિન્તુ તેમનુ વારવાર અપમાન કરીએ છીએ, તેમને સતાપીએ છીએ, તેમને દુ:ખી કરીએ છીએ, આપણે મોજમજા ભોગવીએ છીએ, અને તેમની જરૂરી યાત તરફ લક્ષ આપતા નથી, અરે ! કટલાક કુલાગારો તો માતપિતાને ગાલી પ્રદાન અથવા સખ્ત શિક્ષા કરવાને ચુકતા નથી પરમાત્મા તેવા દુષ્ટોની જીભ અને હાથ શરીરથી વિભકત કરતો નથી. અફસોસ ! પુત્ર ! તુ એવા કુલાગારોની સોબત કરીશ નહિ માતાપિતા અને ગુરૂ પ્રત્યેની પવિત્ર ફરજ અદા કરજે " મ્હારા પિતાની શીખામણ મે એક ચિત્તે સાભળી. ફરી મને નિશાળ યાદ આવી, તેથી મારા પિતાશ્રીને કહ્યુ,–"હવે નિશાળે જવાનો વખત થયો હશે ? મ્હારા પિતાએ જવાબ આપ્યો, હા, વખત થયો છે પણ આજે તો હુ તને નિશાળે મૂકવા સાથે આવીશ ત્હારા માટ મહેતાજીને પુખ્ત ભલામણ કરીશ. ત્હારૂ નામ નિશાળની વહીમાં નોધાવીશ વિદ્યાર્થીઓના મો મીઠા કરાવીશ, અને બની શકશે તો આજના દીવસની તમામ વિદ્યાર્થીઓને રજા અપાવીશ કારણકે આજનો દિવસ મ્હારા અને તમામ વિદ્યાર્થીઓના હૃદયમા આનદી લેખાશે પુત્ર ! જા. ત્હારી માતાની પરવાનગી લઇ આવ " મ્હારા પિતાનુ કહેવુ સાભળીને મ્હારી માતા પાસે ગયો મ્હારા પિતાએ મને જે ફરજ સમજાવી હતી તે યાદ આવ્યા પ્રમાણે મે જતાજ મ્હારી માતાને બે હાથ જોડી પ્રણામ કર્યાં. તે જોઇને મ્હારી માતાને બહુજ નવાઇ લાગી મ્હારા ઉપર ઘણુ વ્હાલ આવ્યું મને છાતી સરસો ચાપી ચુંબન કર્યું. બેટા ! " આ વિવેક તુ ક્યાથી શીખ્યો ? આજે તું મને ઘણો વ્હાલો લાગે છે." મેં કહ્યું,

હું આજે નિશાળે ભણવા જવાનો છું માટે મને રજા આપો. આ પ્રમાણે હું રજા માગતો હતો. તેવામાં મ્હારા પિતા ત્યાં આવ્યા મ્હારી માતાએ મ્હારા પિતા પ્રત્યે કહ્યું, " આ નવનીતને હાલથી નિશાળનું ભુત કેમ ભરાવ્યું છે. વારૂં ? તેની ગમ્મતમા મ્હારો આખો દીવસ સુખમા અને આનદમા જતો. હવે તેના વિના હું શું કરીશ ? હજુ નવનીત ક્યાં મોટો ગઇ ગયો છે ? મ્હારા પિતાએ જવાબ આપ્યો " સત્ય હકીકત તો એ છે કે નવનીતને મે નિશાળે જવાની ફરજ પાડેલી નથી. તેનેજ અંત કરણથી ઇચ્છા થઇ છે માટે તેને રજા આપવી જોઇએ. આપણી ગમ્મતને માટે તેનો સ્વાર્થ બગાડવો જોઇએ નહિ. ક્ષણિક આનંદ અને ક્ષણિક સુખ કરતા તેની કેળવણીનુ સુખ અને આનદ આપણને વધારે લાભદાયી નીવડશે. મ્હારી માતાએ કહ્યુ, " ભલે ત્યારે મ્હારી રજા છે. પણ આજે નહી, પ્રથમ જોશીને બોલાવી મહુત કઢાવો. તેનો અને મેહેતાજીનો ચદ્રમા અનુકુળ છે કે નહિ તે તપાસો જે દીશામા નિશાળ છે તે દીશામા સામો કાળ તો નથી ? તેનો નિર્ણય કરાવો એ વિધિ પુરી થયા પછી શુકન જોવડાવી અને પછી નિશાળે લઇ જાઓ. વળી મને એક વાત યાદ આવે છે કે આજે તો આપણા ભાણેજ વરની મણ તિથી છે. માટે પુત્રને નિશાળે મુકી શકાય નહિ આ વાધાઓ સાભળીને હુ તો દીગમુઢજ બની ગયો. સસારમા મનુષ્યને માથે અનેક આફતો, અનેક વિઘ્નો અને અનેક સકટો છે. એવુ ભાન થયુ નિશાળે જવાના ઉલ્લાસમા જે આનદ ઉભરાતો હતો તેનુ સ્થાન દીલગીરીએ લીધુ. આવી બાબતોથી હુ અજ્ઞાન હોવાથી ચુપ રહ્યો પણ મ્હારૂં હૃદય મારા પિતાશ્રી સમજી ગયા અને તેમણે મ્હારી માતા પ્રત્યે કહ્યુ " પુત્ર, કેળવણીમાં પછાત પછાત રહશે તો તેના કારણભુત તમો અને હુ થઇશુ જો તમે કેળવાયલા હોત તો મ્હારી પૂર્ણ ખાત્રી છે કે આવા શુભ કાર્યમા તમે વિઘ્ન નાખત નહિ પુત્રને કેળવણી પ્રથમ માતા તરફથી મળે છે. પછી પિતા તરફથી મળે છે અને પછી આચાર્ય તરફથી મળે છે તેમા માતાપિતા કેળવાએલા ન હોય તો પુત્રની કેળણીનો આધાર માત્ર આચાર્ય ઉપર રહે છે આચાર્યને એક વિદ્યાર્થીને લઇ બેસી રહેવાનું નથી. ઘણા વિદ્યાર્થીઓ સાથે મહેનતમા ઉતરવું પડે છે. તેથી એક વિદ્યાર્થીને ભાગ કેટલું શીક્ષણ આવે ? તેનો વિચાર કરતા પુત્ર કેળવણીમા પછાત રહે તેની કસુર તેમના માતપિતાની છે. શુભ કાર્ય કરતા કાંઇ પણ ઢીલ

કરવી નહિ જોઇએ શુભ કાર્યને માટે એક પળ પણ મૂહુર્ત વગરની હોતી નથી. જોશીના કહ્યા પ્રમાણે સારા મુહુર્તમા નિશાળે જાય પણ જો ત્યા મહેનત કરે નહિ તો તેને કઇ જ્ઞાન મળે નહિ. સારૂં મૂહુર્ત મેળવ્યા છતાં શરીર સ્વચ્છ રાખે નહિ તો તેને રોગ થયા સિવાય રહે નહી. માટે જ્ઞાન સપાદન કરવાનો અને નિરોગી રહેવાનો આધાર મૂહુર્ત ઉપર નથી પણ પ્રયત્ન અને સ્વચ્છતા ઉપર છે મ્હારાજ કહેવાથી જણાય છે કે આજે આપણા ભાણેજ વરની મર્ણ તીથિ છે. આપણી ભાણેજ સાત વરસની વયે વિધવા થઇ છે તેના સસરા પોતેજ જ્યોતિષ વિદ્યામા નિપૂણ કહેવાય છે અને તેમના જ્યોતિષ ઉપર ઘણા માણસો અધ શ્રદ્ધા રાખે છે. શુ તેમણે પોતાની પુત્રીના ભલાને માટે લગ્નનુ મૂહુર્ત સારૂ નહી શોધ્યુ હોય ? વાક પ્રચલિત રૂઢી પ્રમાણે આપણી ભાણેજનુ લગ્ન થયું ત્યારે તેના પિતાએ પણ મહુર્ત જોવડાવ્યુ હતુ એમ આપણને યાદ છે તે છતા આવુ શોકજનક પરીણામ આવ્યુ. આ સબધમા મે તેમની આગળ વિવેચન કર્યુ ત્યારે તેમણે એવો ઉત્તર આપ્યો કે તેનુ પ્રારબ્ધ એવુ ! એમા મહુર્ત શુ કરે ? મૂહુર્ત અને શુકન જોયા પછી સારૂ થતા તેનુ માન મુહુર્ત અને શુકનને મળે છે પણ સુભ મુહુત અને સારા શુકન જોયા છતા નઠારૂ પરીણામ આવે તેનો દોષ પ્રારબ્ધ ઉપર રાખવામા આવે છે હુ અજાયબ થાઉ છુ કે ઉભય સમયે પ્રારબ્ધને કેમ આગળ મુકવામા આવતુ નથી. જ્યારે પ્રારબ્ધાનુ સાર થાય છે એમ માનવામા આવે તો પછી મૂહુર્ત અને શુકન એની મેળે રદ બાતલ થાય છે જો તમે કેળવાયલા હોત તો મ્હારી આ દલીલ સહજમા સમજી શકત—

હવે મહેતાજીનો અને પુત્રનો ચદ્રમા અનુકુળ છે કે નહિ તે પણ જોશી પાસે બતાવવાની હુ આવસ્યકત્તા જોતો નથી કારણ કે હાલના સમયમા તો મેહેતાજીઓની વારવાર બદલીઓ થાય છે માટે આપણે જે મેહેતાજીનો ચદ્રમા જોવડાવીશું તે મેહેતાજીની બદલી થશે તો તેમની જગા ઉપર આવનાર મેહેતાજીનો ચદ્રમા શી રીતે અનુકુળ ગણાશે ? અને પુત્રનો પરમાત્મા જ્યા સુધી અનુકુળ છે ત્યા સુધી તેના સર્વ ગ્રહો અનુકુળજ છે આ ગ્રહોની બાબતમા એક વખતે એક જ્યોતિષીને ભરી સભામા ઝાખા થવુ પડયુ હતું તે હકીકત તમે શાભળો-

---

પ્રકરણ ૧૦ મું.

કુળીત પરીક્ષા.

એક દીવસ એક જોષી એક વિદ્યાર્થીની જન્મ પાત્રકાનું નીરક્ષણ કરતો હતો, તેના ગ્રહો જોઇને કહ્યું કે તમારે સૂર્ય બીજો છે, તે તમને લાભ કરતા છે તેજ વખતે બીજા માણસની જન્મ પત્રિકા જોઇને કહ્યુ કે તમારે સૂર્ય ૮ મો છે તે બહુજ હાની કરતા છે તે હકીકત સાભળીને આપણી જ્ઞાતીના સુદરલાલ શેઠ કે જેઓ બી એ થયેલા છે તેમણે કહ્યું કે જ્યારે સુર્ય એકને લાભ કરતા છે અને બીજાને હાની કર્તા છે ત્યારે જોષી માહારાજ તે બન્ને સખસોને સુર્યના તાપમા ઉભા રાખીએ તો બીજા સુર્યવાળાને કઇક લાભ થવો જોઇએ અને આઠમા સુર્યવાળાને હાની થવી જોઇએ જોષી મહારાજને ન્યાય પદ્ધતિ પ્રમાણે હા કહેવી પડી. તત્કાળ તે બનેને ઉષ્ણ રૂતુના ચૈત્ર માસના સખત તાપમા ઉભા રાખવામા આવ્યા, પ્રતાપી સુર્યે કોઈની શરમ રાખી નહી બંનેને સખ્ત તાપ લાગ્યો પરસેવાથી શરીર લદબદ થઇ ગયુ પગના તળીઆ દાઝી ફોલ્લા પડી ગયા, ગળું સુકાઇ ગયુ, માથુ તપી આવ્યુ અને બન્ને બીમાર થઇ ગયા. જોષી મહારાજ ગાસડા પોટલા લઇને રવાના થઇ ગયા તે બનાવ જોઇને હુ તો હવે તે ગ્રહોના ઉપર કાઈ દોષારોપણ કરતો નથી પ્રથમ તો આપણે ગ્રહોને દેવ માનતા હતા અને આપણી એવી સમજ હતી કે શની લગડો છે શુક્ર કાણો છે બુધ નપુસક છે બ્રહસ્પતિ રોગિષ્ટ છે ત્યારે તો હાજી હા ભણવી પડતી પણ જ્યારે ખગોળ વિદ્યાના જ્ઞાનથી સિદ્ધ થયુ છે કે તે સર્વ ગ્રહો પૃથ્વી—ગ્રહના જેવાજ છે. ત્યારે સદેહ દૂર થયો કે જ્યારે આ પૃથ્વીની અંદરના જડકે ચૈતન્ય કોઈ પદાર્થ અન્ય ગ્રહને કનડી શકતા નથી તો પછી અન્ય ગ્રહોના જડ કે ચૈતન્ય પદાર્થ આ ગ્રહના પ્રાણીઓને કેમ કનડી શકે ? જોષીઓની સાથે મ્હારે કાઇ વૈર નથી. જ્યોતિષના ગણીતને હુ સત્ય માનુ છુ અને તેમની એ વિદ્યાને માટે મને મોટુ માન છે પણ ફળીતને સત્ય માનવા માટે મ્હારા હ્રદયની શકા જ્યા સુધી બુદ્ધિથી દુર કરવામા નહિ આવે ત્યા સુધી હુ તેને સ્વિકારતો નથી. કેટલાક જોષીઓની નીતિ રીતિ મને બીલકુલ પસદ નથી, તેનુ કારણ એ છે કે હુ જે શેઠને ત્યા નોકર છુ.

તે શેઠ લાખોપતિ છે તેમનો એક પુત્ર નામે રમણુલાલ ઘણાજ લાડમા ઉછેરેલો છે હવે તે મોજ મઝામા પડી જવાથી નિશાળે જવુ તેમને ગમતુ નથી શેઠે નિશાળે મુકવા માટે મુહુર્ત તથા ગ્રહો જોવા જોષીને બોલાવ્યા. તેમણે જ ન્મ પત્રિકા જોઇને કહ્યુ કે આપના ગ્રહો જોતા તેઓને વિદ્યા સાધ્ય થશે નહીં અને વિદ્યા ભણુશે તો શરીરને નુકશાન થશે તેમના પ્રારબ્ધમા લક્ષ્મીના અખુટ ભ ડાર લખેલા છે. આ વર્તારો સાભળીને મ્હારા શેઠે પુત્રને ભણાવવાનુ માડી વાળ્યુ શેઠનો વિચાર જાણ્યા પછી મને ઘણો શોક થયો એક નિમકહલાલ સ્વામિ ભકતે જે વિનય પૂર્વક વિનતિ કરવી જોઇએ તે કરી પણ શેઠે જવાબ આપ્યો - ભણવુ તે શાને માટે ? પૈસા પેદા કરવાને માટેજને તે પૈસો તો મ્હારી પાસે પુષ્કળ છે અને વળી ગ્રહો જોવડાવતા તેના પ્રારબ્ધમા પણ લક્ષ્મીના ભ ડાર ભરેલા છે તો પછી વિદ્યા ભણવાનુ પ્રયોજન કાઇ નથી મેં શેઠને ફરી નમ્રતા પૂર્વક કહ્યું આપ માલિક છો મ્હારાથી મોટા છો, આપ જે કરતા હશો તે વિચાર કરીનેજ કરતા હશો, તો પણ આ તાબેદારની અરજ ઉપર ફરી પુખ્ત વિચાર કરો ભણવાનુ પ્રયોજન માત્ર પૈસો પ્રાપ્ત કરવાનુ નથી આ સ સાર સાગર પાર ઉતારવાને માટે જ્ઞાનની નૌકા કામ આવશે પૈસાની નૌકા કઇ કામની નથી એક રાજ્ય ક્રિય - પ્રજાક્રિય સભામા પૈસાદાર પૂજાતો નથી પણ વિદ્યાવાન પૂજાય છે ન્યાય, નીતિ, સદાચરણ, વિનય, નિરાભિમાનપણુ, સૌજન્યતા, ઐશ્વર્યતા ઇત્યાદી સદ્દગુણો વિદ્યામાથી જન્મ પામે છે લક્ષ્મીમાથી વિરૂધ ગુણ ઉત્પન્ન થાય છે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે બાબતોમા વિદ્યા સાધનભૂત છે, લક્ષ્મી નથી. દરેક પ્રકારનો ધ ધો કરવામા વિદ્યા નીજ સહાયતા લેવી પડે છે, દેશભક્તિ માતુભક્તિ, પીતુભક્તિ, રાજ્યભક્તિ, અને પારમાત્માની ભક્તિ કરવામા વિદ્યાને શરણે જવુ પડે છે, પૈસો પેદા કરવામા જે ખુબી નથી તેટલી ખુબી પૈસાનો વ્યય કરવામા સમાયેલી છે, જો વિદ્યા સ પાદન નહી કરી હોય તો પૈસો ફેકી દેતા પણ નહી આવડે આપના ધનસ પત્તિમા હીરા, માણેક, પના, મોતી, ઇત્યાદી ઝવેરાત હશે તેની વિદ્યા વગર પરિક્ષા કોણ કરશે નામુ વ્યાજ હિસાબ કોણ લખશે જેનો સ્વામિ દેખતો નથી તેના નોકરો શુ દરિદ્રતા દુર કરશે શેઠજી લક્ષ્મી એ ખરૂ ધન નથી વિદ્યા એજ ખરૂ ધન છે લક્ષ્મીને લુટારૂ લોકો લુટી લેછે. વિદ્યાધન અગ્નિમા બળતુ નથી કોઈ લુટી શકતુ

નથી, તેને ખરચના ઘટવાને બદલે વધે છે તેમા કોઈ ભાગ પડાવી શકતુ નથી, ઉદ્યોગનુ ફળ હમેશા પરમાત્મા આપે છે, પ્રારબ્ધ એ પુર્વાથનુ જ પરીણામ છે માટે પુરૂષે પ્રયત્ન હમેશા કરવોજ જોઇએ જોષી મહારાજનુ કહેવુ હુ સત્ય માનતો નથી શેઠે મારૂ કહેવુ સાભળીને ઉત્તર આપ્યો કે " તમારૂ કહેવુ જો કે ઠીક છે પણ મને ફળાધીશ ઉપર શ્રદ્ધા છે જ્યારે આખી દુનિયા જ્યોતિષને માને છે ત્યારે મારે પણ માનવુ જોઇએ મ્હારે એકજ પત્ર છે માટે કદાચ તેની જન્મ પત્રિકા પ્રમાણે શરીરને નુકશાન થાય તો હું ભીખ માગતો થઇ જાઉ માટે આ બાબતમા હવે મને વધારે કહેશો નહિ, " શેઠનો છેવટનો ઉત્તર સાભળી હું નિરાશ થયો અને જોષીને કહ્યુ " જોષી મહારાજ ભલે તમે તમારી જ્યોતિષને ફળીત વિદ્યાથી હજારોને ઠગી લેજો પણ કોઇને વિદ્યા સપાદન કરતા અટકાવશો નહી તેમ કરતા તમને મહા પાપ થશે ઘોર નર્કમા જશો આ હકીકત જાણ્યા પછી હુ તો હમેશથી વિદ્યાર્થીઓને કહુ છુ કે મિત્રો જન્મ પત્રિકામા તમારે વિદ્યા ન લખી હોય તોપણ વિદ્યા ભણવાને ચુકશો નહી પ્રારબ્ધ ઉપર આધાર રાખવાનુ કોઇ કહે તો માનશો નહી અને પ્રયત્ન કરવાને ચુકશો નહી - પ્રીય, પુત્ર તને પણ ભલામણ કરૂ છુ કે દેશોન્નતિને ધોખો પોચાડનાર, કેળવણીના કલ્પવૃક્ષને કુહાડીથી કાપી નાખનાર અને વિદ્યાને ઉત્તેજન આપવામા અવરોધ કરનાર ગમે તેવો સગો હોય, મિત્ર હોય, પુજનિક હોય, તોપણ તેમનુ મ્હો તું જોઇશ નહી, તેમના કહેવા ઉપર ભરોસો રાખીશ નહી

હવે આમા કાળ માટે તને શકા છે ? ખેર તે બાબતનો નિર્ણય કરાવીશુ પણ કાળ મનુષ્યના સામે નથી પણ મનુષ્યના માથા ઉપર નિરતર ફરતોજ છે, કાળ એટલે વખત ! વખત, હમેશ તમામ દિશાઓમા હોય છે. વળી બ્રાહ્મણ જે વારે જે દીશામા સામો કાળ હોવાનુ કારણ કહે છે તે દીવસે આખી દુનિયામા નાઇ મુસાકરી નહી કરતું હોય ? હવે શુકન જોવાની ત્હારી ઉત્કઠા છે તો ભલે ' ત્હારૂ મન દુ:ખાય નહી તેટલાજ માટે તને સારા સુકનમા મોકલીશ પણ શુકનની બાબત કેટલી વજન પાત્ર છે તે તો મે મુહુર્ત બાબતના વિવેચનમા સમજાવ્યુ છે એટલુજ નહી પણ હવે તો શુકનને ચુસ્તપણે માનનારાઓ પણ સુકનને ઘણી વેળા વિસરી જાય છે, રેલવેનો ટાઇમ જતો હોય છે ત્યારે સુકનની પરવા કર્યા વગર દોડા દોડી કરે છે ઘોડા ઉપર, ગાડીમા. કે પગે ચાલીને

જતા બિલાડી કે સર્પ આડે આવે છે ત્યારે જતા અચકાય છે પણ રેલવેમા બેઠા પછી હજારો સર્પ અને બીલાડીઓ આડી ઉતરે, ગધેડા ભુંકે, પક્ષીઓ બોલે તેની કોઇ દરકાર કરતું નથી રેલવે ચલાવવાનુ જોખમ ભરેલુ કામ કરનારા પણ તેવા શુકનની કંઈ દરકાર કરતા નથી અને તેમને કાંઇ વિપત્તિ પડતી નથી એવા સુધરેલા લોકો આપણા વ્હેમ અને આપણી મર્ખાઇ ઉપર હસે છે શુકન જોયા પછી કાંઈ આફત નહીં આવવાનો જામારો તે શુકન જોઈ આપનારા રાખતા નથી એજ તેમનુ જૂઠાણુ જણાવી આપે છે વિષયનુ વિવેચન નવનીતની માતાએ એક ચિત્તે સાભળ્યુ પછી તેણે કહ્યુ “ અમો આ વાત એ બધુ સમજીએ નહી—“ સૌ કહે છે તે જાણીએ માટે કહીએ. આપને ઠીક લાગે તે કરો મ્હારા પિતાએ કહ્યુ” ચાલો હવે આજનો વખત ગયો કાલની વાત કાલે મે મ્હારા પિતાને કહ્યુ “ મ્હારો આજનો દીવસ નિરર્થક ગયો ” મ્હારા પિતાએ ઉત્તર આપ્યો પુત્ર, ત્હારો આજનો દિવસ નિરથક ગયો નથી કેમ- મે જે વિવેચન કર્યુ છે તે તુ યાદ રાખીશ. તો તે તને એક પ્રકારનુ જ્ઞાન મળ્યુ ગણાશે આજે તુ નિશાળમા આટલુ જ્ઞાન મેળવી શકત નહિ અલબત્ત: એક દિવસ નકામો જાય તેને માટે તને આટલી લાગણી છે તે વખાણવા યોગ્ય છે કારણ - મનુષ્યનુ આયુષ્ય હાલ તો બાળ લગ્નના પ્રતાપે ટુકુ થયુ છે, પરતુ વધારેમા વધારે સો વર્ષનુ કલ્પીએ તો તેમાથી રાત્રીના પચાસ વરસ બાદ કરતા પચાસ વરસ રહ્યા તે પૈકી બાલ્યવયના અને વૃદ્ધ અવસ્થાના વર્ષ બાદ કરતા તથા બાકીના સમયમા રોગ, ભય, આપત્તિ લગ્નાદીક શુભ પ્રસંગની મુદત બાદ કરતા મનુષ્યને જ્ઞાન મેળવવાને અને તેનો સદઉપયોગ કરવાને ઘણોજ થોડો વખત રહે છે માટે મનુષ્યનો વખત પ્રમાદમા નિરર્થક ન જાય તેની તો અવશ્ય કાળજીજ રાખવી જોઇએ

બીજે દિવશે હુ સારા વસ્ત્ર પહેરી માતા પિતાનો આશિર્વાદ લઇ નિશાળમા ગયો. મ્હારા પિતાશ્રીએ મહેતાજીના હાથમા મને સોપ્યો. ભલામણ કરી અને તમામ વિદ્યાર્થીઓને મીઠાઈ વહેચી તે દીવસથી મ્હારો વિદ્યાભ્યાસમા પ્રવેશ થયો.

પ્રકરણ ૧૧ મું.

મ્હારી હરીફાઇ.

વિદ્યાર્થી મિત્રો ! મ્હારૂં ચિત્ત દીવસે દીવસે ભણવા તરફ વિશેષ આકર્ષાવા લાગ્યું મહેતાજી મને જે શિક્ષણ આપતા તે મારી ખંતને લીધે મને જલદી સાધ્ય થવા લાગ્યું. મ્હારા પીતા ! મ્હારો અભ્યાસ તપાસતા, આજે નવિન શું ભણ્યો તે દરરોજ પૂછતા, એકે દિવસે હું નિશાળે જવાને ચુકતો નહિ. મહેતાજીની આજ્ઞા પાળતો અને ચિત્ત રાખી ભણતો. મ્હારા કેટલાક બાળમિત્રો જ્યારે પોતાનો વખત વૃથા વાર્તાલાપમા અને રમવામા ગાળતા ત્યારે હુ મ્હારા સમયનો સદુપયોગ વાચવામાજ વ્યતિત કરતો મ્હારા વર્ગમા હું ચઢતો નંબર મેળવવાની કોશીશ કરતો. નિશાળમાથી રજા મળે કે તુરતજ આમ તેમ ન રખડતા સિધ્ધો ઘેર જતો. મ્હારા વર્તનથી મ્હારા માતાપિતા અને મહેતાજી હમ્મેશ પ્રસન્ન રહેતા.

હુ ચોથા ધોરણમા દાખલ થયો, અને થોડા મહિના અભ્યાસ ખંત પૂર્વક કર્યો તેટલામા તો મ્હે મ્હારા વર્ગના પ્રથમના વિદ્યાર્થીઓ ઉપર નમ્બર રાખવા માડયો, હવે મ્હારા વર્ગમા ફક્ત એકજ એવો વિદ્યાર્થી હતો કે જેના ઉપર હું નમ્બર રાખી શકતો નહી મે તેની સાથે અભ્યાસમા ઘણી હરીફાઇ કરવા માડી પણ મ્હારો પ્રયત્ન વૃથા નિવડતો. મ્હારા તે મિત્રનું મગજ ઘણું સારૂ હતું. તે શરીરે નિરોગી અને હૃષ્ટ પુષ્ટ હતો. જો કે તે પોતાનો કેટલોક સમય રમત, ગમતમા ગાળતો. અને હુ રાત્રી દિવસ ભણવામાજ મડયો રહેતો, છતા મને નવાઇ લાગતી કે હું તેને અભ્યાસમા પહોચી શકતો નહોતો. છેવટે આ હરીફનાથી હું કંટાળ્યો. તેના ઉપર નંબર મેળવવાની કોશીશમા હું કોઈ રીતે ફતેહમંદ થયો નહી. મ્હારા હૃદયમા નિરાશાએ જન્મ લીધો. આનુ કાંઇ પણ કારણ મ્હારા સમજવામા આવ્યુ નહી. તેથી મે જરા મ્હારા પુજ્ય પિતાશ્રીને આ બાબતનો ખુલાસો પુછયો. તેમણે તે વિદ્યાર્થીને ઓળખ્યો પછી તેનુ કારણ તેમણે મને કહેવા માડયુ. " પુત્ર ! એ વિદ્યાર્થીના સાથે તું હવે હરીફાઇ કરીશજ નહી. " નહી તો કહેવત છે કે " લાબા જોડે ટુંકો જાય મરે નહીં તો માદો થાય ', એ પ્રમાણે થશે.

મે પુછ્યું " અરે ! પણ તેનું કારણ ?

મ્હારા પિતાએ જવાબ આપ્યો—" તેનાં બે કારણો છે (૧) એક તો એ કે તેની માતા કેળવાએલી અને સુશીલ છે. જે પુત્રની માતા કેળવાએલી હોય તેનો પુત્ર હમેશા ચતુર હોયજ. અને વિદ્વાન થાયજ. કારણ કે તેને ગર્ભમાથીજ શિક્ષણ મળે છે. તેથી તે સંતાનનું અંતઃકરણ જન્મથીજ સંસ્કારી થાય છે. સતી સુભદ્રાએ તેના પુત્ર રત્ન અભિમન્યુને ગર્ભમાંથીજ શિક્ષણ આપવા માડયુ હતું તેનું પરિણામ એ આવ્યુ હતું કે તે પુત્રે માતૃ ભૂમિની સેવા માટે કહો કે અસુરોના રક્ત પાનાર્થે કહો. પણ પંદર વર્ષની સુકુમાર બાલ્યાવસ્થામાજ માતા પિતા તથા તરૂણ પત્નિના અપૂર્વ પ્રેમ પાસમાથી મુક્ત થઇ દુષ્ટોના સંહાર માટે કુરૂક્ષેત્રની ભયંકર વીર ભૂમિમા બહાદુરીથી લડતા પ્રાણાર્પણ કરી, માતા પિતાના પવિત્ર નામને સદાને માટે અમર કર્યુ હતું. જેમની માતાઓ શંખણીઓ તેમના પુત્ર રત્ન ક્યાથીજ પાકે! શુરવીર અરજુન ઇતિહાસને તુ ભૂલી ગયો? એ પ્રતાપી પુરૂષને તેની પવિત્ર માતાથીજ ગર્ભના જ્ઞાન અપાયુ હતુ હાલ અભિમન્યુ અને શિવાજી જેવા નર રત્નો પાકતા નથી તેનુ એજ કારણ છે કે સુભદ્રા જેવી પવિત્ર સતીઓની જગ્યા આર્યાવૃતમા કાળા કર્મની કરનારી સંખણીઓએ લીધી છે શુરવીર નેપોલીયન કહે છે કે દેશને આબાદ કરવા ચાહતા હોઓ તો માતાઓને વિદ્યાદાન આપો ખરેખર આ અમાત્ય વિરનુ વાક્ય આપણે આપણા હૃદય મંદીરમા કોતરી રાખવા જેવુ છે જો ત્હારી માતા પણ કેળવાએલી હોતતો તું તે વિદ્યાર્થીની સાથે હરીફાઇ કરી શકત.

અર્વાચિન કાળની સ્ત્રીઓ પ્રત્યેના મ્હારા પિતાના ધગધગતા ઉદ્ગારો સાભળી મ્હારી માતા કે જે તે વખતે હાજર હતી તે એકદમ બોલી ઉઠી કે,—" તમો હમેશા સ્ત્રીઓની કસુર કાઢતાને કાઢતા રહ્યા અમારે તે કયા વળી ભણીને રાજ્ય ચલાવવા છે અથવા વેપાર કરવો છે કે ભણવાની જરૂર પડે, "

મ્હારા પિતાએ જરા હસીને જવાબ આપ્યો—" તમો ક્રોધ ન ન કરશો. હુ તમારી કસુર કાઢતો નથી તમો કેળવાએલાં નહી તે કસુર તમારી નથી પણ તમારા પિતાની છે આપણી લલીતને જો આપણે ન કેળવીએ તો તે કસુર આપણા ગણાય, સ્ત્રીઓને ભણવાની જરૂરનથી એમ કહેવુ તે ખુલી મુર્ખાઇ છે. આપાણું ઘર એ એક નાનુ સરખું

રાજ્ય છે અને સ્ત્રી તે રાજ્યની પ્રધાન છે હવે કહો ત્યારે સ્ત્રીઓને રાજ્ય ચલાવવું પડે છે કે નહી ?

મ્હારી માતાએ જવાબ આપ્યો—"એમ જોતા તો ચલાવવુ પડે છે.

મ્હારા પિતાએ પોતાની દલીલ લંબાવતા કહ્યું—"જે રાજયની અંદર પ્રધાન કેળવાએલો ન હોય તે રાજયની કેવી દશા થાય ?"

મ્હારી માતા બોલી ઉઠી—"રાજ ઉધુ વળે વળી."

મ્હારા પિતાએ કહ્યુ—"ત્યારે તેવીજ દશા જો સ્ત્રી કેળવાએલી ન હોય તો આપણા ઘરની થાય. હુ તો એમ કહી શકું છું કે એક રાજયમા પ્રધાનને માથે જે જવાબદારી છે તે કરતા સ્ત્રીઓને માથે વધુ જવાબદારી છે

મ્હારી માતાએ જરા અજબ થઇ પૂછ્યુ—"તેનું કારણ શુ ? આપે તો સ્ત્રીઓને છેક ગગને ચઢાવી દીધી જોઉં."

મારા પિતાએ કહ્યુ—"નક્કી સત્ય વાત છે. રાજયમા ન્યાયનુ, હિસાબનું, રસોઇઆનુ વૈદ્યનુ, સ્વચ્છતાનુ, રક્ષણનુ અને પ્રધાનનુ કામ એકને કરવુ પડતુ નથી દરેક કામના જુદા જુદા અધિકારીઓ હોય છે. તે પ્રત્યેકને પોતપોતાની ફરજ પુરતુ જ જ્ઞાન મેળવવુ પડે છે. કિન્તુ સ્ત્રીઓને તો ઉપર જણાવેલી તમામ બાબતોનુ જ્ઞાન મેળવવાની જરૂર છે. કારણકે બધા અધિકાર તેનેજ સંભાળવા પડે છે.

મ્હારી માતાએ પૂછ્યુ-"એટલુ બધુ કામ અમારે તો કાઇ કરવુ પડતું નથી. દળવું, ખાડવુ, પાણી ભરવું, રસોઈ કરવી, વાસણ માજવાં, ખાવુ, પીવુ, અને સૂઇ રહેવું. ગામમા કોઇ મરણ પામ્યાનુ જાણીએ તો ત્યા જઇ કૂટવું, અને લાબા લાબા રાગડા તાણી રડવું. એટલુ આવડે કે કામ પાર.

મ્હારા પિતાએ જરા ધીરજથી સમજાવ્યુ—"અભણ સ્ત્રીઓ પોતાની ફરજ ન સમજે તેમા કોનો અપરાધ ? મેં તમને જે કહ્યુ છે તે સત્યજ કહ્યુ છે."

જુઓ સાભળો,

ન્યાય—ઘરમા ભાઇઓ ભાગની વ્હેંચણીના દાવા કોણ ચુકવે છે ? હું કોઈ ખાવા, પીવાની વસ્તુ ઘરમા લાવું છુ તો નવનીત અને લલીતાને કોણ વહેચી આપે છે ? કોર્ટના ન્યાયાધીશ પણ તેવાજ દાવા ચુકાવે છે.

ખજાનચી—રાજ્યમા આવકની ઉપજનો સંગ્રહ કરવાનું કામ ખજાનચી કરે છે ત્યારે ઘરમા સ્ત્રીઓને આવક જાવકનો હિસાબ રાખવા પડે છે. પુરૂષનું કામ ફક્ત પૈસા કમાવાનુ છે. સ્ત્રીઓનુ કામ ઉપજ કરતા ખર્ચ વધી ન પડે તે ધ્યાનમા રાખી કરકસરથી ખર્ચ નીભાવવાનુ છે,

કોઠારી—રાજ્યમા તમામ પ્રકારનું અનાજ સાચવનારા કોઠારી રાખવામાં આવે છે. તે કામ સ્ત્રીને પણ કરવુ પડે છે. અને રસોડાદાર પણ પોતેજ થાય છે.

વૈદ્યનું—રાજ્યમા દવા કરનારા વૈદ્ય, ડાકટરો જુદા હોય છે. ઘરમા તે કામ સ્ત્રીને કરવું પડે છે. બાળક ધાવતું ન હોય, ચુંક આવતી હોય, શરીર ઉપર ફોડા નીકળતા હોય, પાચનશક્તિ કમી થઇ હોય તો, તેવા ઔષધ માતાએ અવશ્ય જાણવા જોઇએ.

સ્વચ્છતા—રાજ્યમાં સફાઇ રાખવા માટે જુદા અમલદારો રાખવા પડે છે. ઘર સાફ રાખવું, કપડા અને વાસણકુસણ સ્વચ્છ રાખવા, પ્લેગ, કોલેરા શીળી ઈત્યાદી ચેપી રોગ ફાટી નીકળે તે વખતે સુગંધિત પદાર્થોથી તથા જંતુનાશક વસ્તુઓથી આરોગ્યતા સાચવવી એ કામ સ્ત્રીનું છે.

રક્ષણ—રાજ્યના રક્ષણ માટે લશ્કર રાખવું પડે છે. પોલિસ રાખવી પડે છે. ત્યારે બાળકના રક્ષણનો કિલ્લો તેની માતાછે.

પ્રધાન—રાજ્યના સુખ દુ.ખનો સાથી પ્રધાન છે. રાજ્યનો સલાહકાર પ્રધાન છે. તે પ્રમાણે પુરૂષના સુખ દુ:ખની સાથી સાચી સલાહકાર વિચારશીલ સ્ત્રી છે સ્ત્રી જીંદગી પર્યંતની મદદગાર છે તેથી તે પુરૂષની અર્ધાંગના કહેવાય છે.

કદાચ પક્ષઘાતનો રોગ લાગુ પડતા આપણા શરીરનો કોઇ ભાગ નિરર્થક થઇ જાય તે દુ.ખ કેટલુ ભયંકર ગણાય. ત્યારે સ્ત્રી કે જે આપણુ અધુ અંગ કહેવાય તે જો અજ્ઞાનતાના કારણસર નિરૂપયોગી થઇ પડે તેના દુ.ખમા શુ ખામી ? ખરેખાત હાલમા હિંદુ ગૃહ સંસારને પક્ષઘાતનો મહાન વ્યાધિ લાગુ પડયો છે. તેથી તેનુ અર્ધું અંગ નિરૂપયોગી થઈ પડયુ છે. આર્યાવર્તના પરોપકારી વૈદ્યો જ્યાસુધી ચિકીત્સા

કરી યોગ્ય સ્ત્રી શિક્ષાનો પ્રચાર નહી કરે ત્યા સુધી ભૂત પ્રેતને માનનારી શખણીઓ આ પુરાતન કાળની પવિત્ર ભૂમિના માન ગૌરવને કલંકિત કરતીજ રહેશે. તેમજ ત્યાંસુધી માતૃ ભક્તિ કરનાર વીર રત્નો નહીજ જન્મે.

મ્હારા પિતાનુ વ્યાખ્યાન સાભળી મ્હારી માતાનુ હૃદય ભરાઇ આવ્યુ. તે પોતે કેવી અધમ હાલતમા છે. તેનુ તેને ભાન થયુ. તેનાથી કંઇ બોલાયુજ નહી. મ્હારા પિતાને પણુ લાગ્યુ કે હવે હુ વધારે વાર્તા લબાવીશ તો ખચીત તે રડી પડશે તેથી તેણે મ્હારી પ્રત્યે પ્રશ્ન કર્યો,-" કેમ પુત્ર ! વિદ્યાભ્યાસમા ત્હારી નબળાઇનું કારણુ ત્હારા સમજવામાં આવ્યુ કે ! "

મે કહ્યું,-" હા, પણુ હવે બીજું કારણુ કહી સભળાવો. "

મ્હારા પિતાએ કહ્યું,—" બીજુ કારણુ એ છે કે તુ આખો દિવસ અને રાત્રી વિદ્યાધ્યયનમા ગાળે છે, તેથી મગજ ઉપર બહુજ બોજો પડે છે. ત્હારૂ માથું વારંવાર દુ:ખવા માડે છે. વળી ઘણા વિદ્યાર્થીઓને ચશ્માં પહેરવા પડે છે. તેનું એક કારણુ પણુ તેજ છે. રાત્રી દિવસ ફક્ત અભ્યાસ કરનારની શારીરિક શક્તિ ક્ષિણુ થાય છે. તેઓ નાકોવત રહે છે. વળી જીન્દગીમા મનુષ્ય માત્રને વ્યવહારિક ધાર્મિક અને સામાજીક કાર્ય કરવાં પડે છે. તેમા એકલી માનસિક શક્તિ કંઈ કરી શકતી નથી. માનસિક અને શારીરિક ઉભય બળની આવશ્યક્તા હોય છે. માણુસના શરીરમાં મન એ એક અમુલ્ય હીરો છે. એક હીરાના રક્ષણુને માટે જેમ એક મજબુત પેટીની જરૂર છે તેમ મનરૂપી હીરાને માટે મજબુત શરીરની જરૂર છે. શારીરિક બળના પ્રમાણુમા જ્ઞાન તંતુઓ સબળ બને છે. જેનું શરીર મજબુત હોતું નથી તેનું મન નિર્બળ હોય છે. નિર્બળ શરીરવાળા માણુસપર બોજો પડતા તુરત થાકી જાય છે માટે દરેક માણુસે માનસિક કેળવણી સાથે શારીરિક કેળવણી સંપાદન કરવી જોઇએ. ગમ્મત યુક્ત કસરતથી શરીરના અવયવો મજબુત બને છે. અને મનને આરામ મળે છે. અને તેથી પુનઃ તે પાછુ પ્રફુલ્લીત થવાથી વિદ્યાભ્યાસને માટે ઉપયોગી થઈ પડે છે. માટે તું પણુ શારીરિક કેળવણી પ્રાપ્ત કરવાનો તથા તારા મગજને હમેશા પ્રફુલ્લિત રાખવાનો પ્રયત્ન કરવા અંગકસરત, તાજી હવા વગેરેનો લાભ લેજે.

મ્હેં મ્હારા પિતાજીને પુછ્યું. પિતાશ્રી ! હુ એક કવિતામા એવું શીખ્યો છુ કે " રાખો નહી મન રમતમાં, સમજો સારી પેર, નિશાળ-

માંથી નિસરી, જવુ પાછરા ઘેર " અને આપ તો તેનાથી વિરૂદ્ધ હકીકત મને બતાવો છો.

તેમણે કહ્યું,–" પુત્ર ! તે કવિતામા તો કવિએ વ્યાજબીજ કહ્યું છે તેનો ખરો અર્થ તું શિખ્યો નથી. શારીરિક કેળવણી પ્રાપ્ત કરવા રમવું પરન્તુ રમતમાં આખો દિવસ મન રાખવું નહી. એવો તેનો અર્થ છે. ઘણાક વિદ્યાર્થીઓ આખો દિવસ રમતમાં ગાળે છે અને કદાચ નિશાળમાં ભણવા બેસે છે તો પણ તેમનું મન રમતમા હોય છે રમતીઆળ વિદ્યાર્થી મનમાં ચિંતવન કરતો રહે છે કે કયારે નિશાળમાથી રજા મળે અને હું રમવામા જોડાઉ ?

પ્રકરણ ૧૨ મું.

સિંહનો શિકાર.

મ્હારા પિતાની આજ્ઞાનુસાર હવે મે કસરત કરવા માંડી એક વખત એવો બનાવ બન્યો કે મને શારીરિક બળ મેળવવાની ખાસ જરૂર જણાઈ. એક દિવસ હુ મારા બે મિત્રો સાથે મારા પિતાની સુચના મુજબ સાજે શહેર બહાર જગલમા હવા ખાવા નીકળ્યો હતો. મ્હારી સાથે જે બે મિત્રો હતા તેમા એક શરીરનો મજબુત અને કસરતી હતો. બીજો મજબુત કસરતી અને બુદ્ધિમાન હતો તે જાતે ક્ષત્રી હતો. અને હુતો બન્ને બાબતોમા પછાત હતો જો કે અન્ય વિદ્યાર્થીઓ મને બુદ્ધિમાન કહેતા હતા. પરતુ હુ પોતાને બુદ્ધિમાન માનતો નહતો. જગલમા ફરતા ફરતા અમો અનેક વૃક્ષો ફુલો અને ફળોની ઓળખાણ કરાવવા પરસ્પર વાર્તાલાપ કરતા હતા. અને વિશ્વની રચનાના અદ્દભુત સૌન્દર્યનુ અવલોકન કરતા હતા. તેમજ પરમ કૃપાળુ પરમાત્માના અવર્ણનીય ઉપકારોનુ ગાન કરતા અમો પથ કાપતા હતા. તેવામા એક સિંહની ભયંકર ગર્જના કર્ણગોચર થઈ, કે તરતજ અમો ત્યાંજ અટકયા. મે કહ્યું આ ગર્જના સિંહની જણાય છે માટે ચાલો આપણે અહિંથી નાસી જઈએ.

મ્હારા ક્ષત્રી મિત્રે કહ્યું,–"મ્હારા પ્રિય મિત્રો શુ તમોએ તમારી જીંદગીમા એક જંગલનો રાજા કહેવાય તે વિક્રાળ સિંહ દ્રષ્ટીગોચર કર્યો છે. ?"

મેં નમ્રતાથી જણાવ્યુ,–"ના. ફક્ત પુસ્તકમાં તેનું ભયાનક ચિત્ર જોયું છે. તેની અપૂર્વ શક્તિ અને પ્રસંશનીય પરાક્રમોનું વૃત્તાંત સાંભળ્યું છે. અને તેજ હમારા ડરનું કારણ છે."

મ્હારા ક્ષત્રી મિત્રે અમને હિંમત આપતા કહ્યું,–"પ્યારા બંધુઓ એ તો પોથીમાંના રીંગણા–જ્યા સુધી કોઇપણ વસ્તુને આપણે પ્રત્યક્ષ અવલોકી નથી ત્યા સુધી તેનું સંપૂર્ણ જ્ઞાન આપણને થતુ નથી. દ્રષ્ટાન્ત તરીકે રેલ્વેમા બેસવું અને તેનું વર્ણન સાભળવુ એ બેમા કેટલો તફાવત છે ? વ્હાલા મિત્રો આપણે પરમાત્માનો ઉપકાર માનવો જોઇએ કે આજે આપણને સિંહ અને તેનું પરાક્રમ નજરે નિહાળવાની તેણે તક આપી છે. મિત્રો ! ગભરાવાનુ કાંઇ કારણ નથી. આવા વિકટ પ્રસંગે આપણે ધૈર્ય અને હિંમત ધારણ કરવા જોઇએ.

મે પુછ્યુ, "તમો બાળક છો માટે એ વિક્રાળ સિંહ કે જેની ભયંકર ગર્જનાથી આખુ જંગલ ધ્રુજી પડે છે તેના મોતના પંઝામાથી અમને શી રીતે બચાવી શકશો ?"

મ્હારા ક્ષત્રી મિત્રની આંખ લાલચોળ થઇ. તેની મુખમુદ્રા ઉપર કંઇ અદ્ભુત ફેરફાર થયો. તેણે ક્રોધયુક્ત સ્વરે કહેવા માંડયુ, "વ્હાલા સ્નેહીઓ ! તમે શા માટે હિંમત હારોછો. હુ નાનુ બાળક છતા શુરવીર ક્ષત્રાણીનુ સંતાન છુ. એક ચકચકીત નાનો અંગારો પ્રચંડ ઘાસની ગંજીને બાળી ખાખ કરે છે. નાની બંદુક પ્રચંડ હાથીના હાડ ભાંગી નાખે છે મારી પાસે આ તેજદાર તલવાર છે. એક ક્ષત્રી પાસેની તલવાર હજારો માણસનુ રક્ષણ કરવાને મદદગાર છે ક્ષત્રીની તિખી તલવાર રણ સંગ્રામમા લાખો શત્રુઓના દળને ઘાસની માફક કાપી નાખવા સમર્થ બને છે મિત્રો ! તમારે ખાત્રી રાખવી જોઇએ કે આ બાળ ક્ષત્રિના શરિરમા લોહીનું એક બિંદુ હશે ત્યાં સુધી તે તમારો એક વાળ પણ વાંકો થવા દેશે નહી, હુ મ્હારા પિતાની સાથે ઘણી વખત સિંહના શિકારે ગયો છું.

મ્હારા બીજા મિત્રે કહ્યુ,—"સિંહ ઘણે દુર બોલે છે. માટે અહિં આવવાનો સંભવ નથી. છતા કદાચ અહિ આવશે તો હુ ઝાડ ઉપર ઝટપટ ચઢી જઇશ મ્હારો બચાવ તો હુ કરી લઇશ.

તે સાભળી મે કહ્યુ, "સિહ જરૂર આ તરફ આવે છે કારણ કે તેની ગર્જના પ્રતિક્ષણે સમીપ સભળાતી જાય છે. ઘણુ કરી તે અગ્નિકોણ તરફ આવે છે. તે કારણથી તે તરફના સર્વ પક્ષિઓ બોલતા બંધ થયા છે માત્ર મર્કટો ભયભિત સ્થીતિમા બોલે છે. જુઓ આ બીજા પક્ષીઓ કેવા કોલાહલ કરી રહ્યા છે. માટે મિત્રો ! હવે આપણે નાસી જઇએ તો વધારે સારૂ મિત્રો ! તમે શરીરે મજબુત છો તેથી ઝાડ ઉપર ચઢી શકશો પણ હું નિર્માલ્ય માણુસ ઝાડ ઉપર ચઢતા શીખ્યો નથી. માટે જરૂર મારો શિકાર તો સિંહ કરવાને ભૂલશેજ નહી."

મ્હારા ક્ષત્રી મિત્રે કહ્યું, "તમો યત્કિન્ચિત ડરશો નહી. કદાચ તમો બીરૂ થઈ નાશી જશો તો પણ સિહની ફાળ આગળ તમારો પ્રયત્ન નિષ્ફળ થશે, તમો કયા સુધી દોડી શકશો ? દોડવાથી સિહ એમ સમજે છે કે મ્હારો શિકાર નાસી જાય છે. તેથી તે ઉલટો પાછળ પડે છે. માટે હવે તો હિમત રાખી અડગ રહેવુ એ શ્રેષ્ઠ ઉપાય છે. પુરૂષ પ્રયત્ન અને ઇશ્વર કૃપાએ મહા વાક્યનુ સ્મરણ કરો

ઉપર પ્રમાણે સવાદ ચાલે છે તેટલામા તે. એક સિહનું બચ્ચુ દૃષ્ટિગોચર થયુ. જો કે તે દેખાવમા ઘણુ ન્હાનુ હતું તો પણ તેને દેખતાજ હું તો થરથર ધ્રુજવા લાગ્યો. મારા પગ સ્થિર રહી શકયા નહી. જમીન ઉપરથી પગ ઉપાડવાની હિમત રહી નહી તેથી હુ તો ત્યાનો ત્યાજ બેસી ગયો મ્હારા ક્ષત્રી મિત્રે તત્કાળ તેની તેજદાર તલવાર ખેચી મ્હારૂ રક્ષણ કરવાને મારી આગળ આવી ઉભો રહ્યો મ્હારો બીજો મિત્ર સિહને દેખતાજ પુઠવાળી નાઠો તેથી સિહ વધારે કડકયો ભયકર ગર્જના કરી પૂછડુ ઉચુ કરી કમરમાથી નીચો નમી તેની પાછળ જોરથી ધસ્યો પણ તે પહેલા મ્હારો કસરતી મિત્ર છલગ મારી ઝાડ ઉપર ચઢી ગયો. તેથી સિહે પણ છલગ મારી વૃક્ષની ડાળ પકડવાનો પ્રયત્ન કરવા માડયો, પણ તેમા નિષ્ફળ નીવડયો મ્હે તો ધાર્યુ હતુ કે મ્હારા તે મિત્રનુ મૃત્યુ નજીક છે. પણ મ્હારા ક્ષત્રી મિત્રે જરાપણ વીલબ ન કરતા તેની મદદમા સિહની સમીપ ગયો. સિહની નજીક પહોચતાજ તે વિકાળ પ્રાણીએ મ્હારા ક્ષત્રી મિત્ર સામે ભયંકર ધુજારો શરૂ કર્યો અને તેનો કાળરૂપ પઝો ઉગામ્યો. તે સમયે મારા ક્ષત્રિ મિત્રે સમયસૂચકતા વાપરી માથા ઉપરનો સાફો જમીન ઉપર ફેકી દીધો. સિહે જાણ્યુ કે મસ્તક નીચે પડયું. તેથી તે સાફો સુઘવા લાગ્યો તે તકનો લાભ લઇને મ્હારા બહાદૂર મિત્રે તેની વિદ્યુત્ જેવી ચળકતી તલવારનો સખત પ્રહાર શરૂ કર્યો. જેથી તેના બે ટુકડા થઇ ગયા. સિહને મર્ણ પામેલો જોયા

છતા તેની પાસે જવાની મ્હારી અથવા મ્હારા ઝાડ પરના કસરતી મિ-
ત્રની હિમત ચાલતી નહોતી અરે અમારો શુરવીર ક્ષત્રી મિત્ર કે જે
હાથમા રક્તમય થયેલી તીખી તલવાર ઝાલી વિકાળ ચ્હેરે ઉભો હતો.
ત્હેને પણ અમોએ ભયકર રૂપમા દીઠો જેથી અમારૂ અંતકરણ ધ્રુજવા
લાગ્યુ. જ્યારે તેણે તલવાર મ્યાન કરી અને સિહનુ મસ્તક બગલમા
ઘાલ્યુ અને તેનુ પૂછડુ પકડી ઘસડવા માડયુ, ત્યારે અમારામા કંઇક
હિમત આવી. અને અમો પણ તેને ઘસડવામા મદદગાર થયા. આ બ-
નાવ જોયા પછી મ્હારી તો સંપૂર્ણ ખાત્રી થઇ છે કે માત્ર શારીરિક
બળ અથવા માત્ર માનસિક બળ પ્રાપ્ત કરવા કરતા ઉભય બળનેજ
પ્રાપ્ત કરનાર આ વિકટ દુનિયામા કંઈક કામ કરી શકે છે. વૃક્ષ ઉપર
ચઢનાર મિત્રમા માનસિક બળ નહોતુ તેથી તેણે પીઠ બતાવી નાસવા
માડયુ. નાસી જવાથી સિંહ પાછળ પડશે તે બાબતનો તેને કઈ ખ્યાલ
થયો નહી તેનુ કારણ એ હતુ કે તેનામા માનસિક બળ નહતુ મ્હા-
રામા માનસિક બુદ્ધિબળ હતુ. તેથી મે સિહ નજીક આવે છે, અમુક
દિશામાથી આવે છે તેનો નિર્ણય કરી આપ્યો. તથાપી જ્યારે શારીરિક
બળના ઉપયોગનો સમય આવ્યો ત્યારે તે સમુળગું મ્હારામાથી લય
પામ્યુ તે ઉપરથી મ્હારી ખાત્રી થઈ કે જેનુ શરીર મજબુત નથી તેનું
મન નિર્માલ્ય રહે છે મ્હારા ક્ષત્રી મિત્રમા બને બાબતો હતી કારણ કે
તેણે પ્રથમથીજ માન્યુ હતુ કે દોડનારની પાછળ સિહ હુમલો કરશે
તે વાત સત્ય નીકળી સિહની તરાપ ચુકાવવા માટે અજબ યુક્તિ શીઘ્ર
શોધી કાઢી અને એક ઝટકે સિહના બે ટુકડા કરવામા શારિરીક બળનુ
દીગ્દર્શન કરાવ્યુ. પ્રથમ મને જેટલો માનસિક કેળવણી
માટે પ્યાર હતો તેટલોજ શારીરિક કેળવણી તરફ ઉમગ વધ્યો અને
તે વખતથી તે ક્ષત્રિ મિત્રની સાથે મે ઘાડો સબન્ધ શરૂ કર્યો મ્હે
પ્રથમ જણાવ્યુ હતુ કે હુ જે મિત્રની સાથે ભણવાની હરીફાઇ કરી
શકતો નહતો તે વિદ્યાર્થી બીજો કોઈ નહી પણ આ ક્ષત્રી વીર પોતેજ
હતો તેની મીત્રતા મને અત્યત ઉપયોગી થઇ પડી શારીરિક અને
માનસિક ઉભયબળ મેળવવાને તેની સોબત મને લાભકારક નીવડી. મ્હારા
પિતાશ્રી પણ તે મિત્રતામા અનુકુળ હતા મ્હારા પિતાના પ્રથમ જણાવ્યા
પ્રમાણે તેની માતા પણ કેળવાએલી હતી તેથી મ્હે પણ મ્હારા મિ-
ત્રની માતા સાથે માતૃવત પ્રેમ રાખવામા કચાશ રાખી નહી જે પ્રમાણે
મ્હારો મિત્ર તેમની આજ્ઞાનુ પાલન કરતો, તદનુકુળ હુ પણ તે સાધ્વી

ઓની સેવા બજાવવા તત્પર રહેતો. તેથી તેમનો મારા ઉપર પુત્રવત પ્યાર વધતો ગયો. પ્રતિદિન તેમની પાસેથી નવુ નવુ જ્ઞાન સપાદન કરવા લાગ્યો માતૃભૂમિ માટે પ્રાણાપણ કરનાર સ્વદેશાભિમાની નરરત્નોના જીવન વૃતાત, ધર્મ, ટેક અને સત્યને માટે પ્રાણાન્તે નહી ડગનાર શુરવીર ક્ષત્રીઓના ઈતિહાસો તે બહાદુર ક્ષત્રાણી પાસેથી સાભળતો થોડાજ વખતમા હુ જાણે નવીન જીંદગી પામ્યો હોઉ એવુ મને ભાન થયુ.

પ્રકરણ ૧૩ મું.

પ્રાચિન શિક્ષણ પ્રણાલીકા !

વ્હાલા વિદ્યાર્થીઓ ! મ્હારા ક્ષત્રી મિત્રની સોબતે મ્હારા ઉપર જાદુઇ અસર કરી ચોમાસાના મુશલધાર વરસાદથી જેમ નદીમા પુર આવે તેમ મારામા જ્ઞાન વધવા લાગ્યુ. અને જેમ વસત ઋતુમા બગીચો ખીલી નીકળે છે, તેમ કસરતથી મારા શરીરના અવયવો ખીલવા માડયા મ્હારી આ જીંદગીને માટે હુ મ્હારા ક્ષત્રી મિત્રનો સપૂર્ણ આભારી હતો. એક સાચા મિત્રની સહાય મને અનહદ લાભ કરતા થઇ પડી. એક વખત મે તેના વખાણ કરતા જણાવ્યુ, કે હે પ્રિય મિત્ર ! હુ અતિશયોક્તિ કરતો નથી તેમ ખુશામત કરતો નથી. પણ સત્ય કહુ છુ કે આટલી ન્હાની વયે ત્હારા જેવો વિદ્વાન અને બળવાન અન્ય કોઇ વિદ્યાર્થી હજુ મે જોયો નથી. અને ત્હરા જેવો એક શ્રેષ્ટ મિત્ર મેળવવાને માટે મારા પ્રારબ્ધને હુ ધન્યવાદ આપુ છુ

મ્હારા નિરભિમાની મિત્રે જરા હસીને મને જવાબ આપ્યો "વ્હાલા બધુ ! કુવાનો દેડકો કુવાનેજ દુનિઆ ગણે છે જેણે હીરા મોતી સ્વપ્ને પણ જોયા નથી, તેને સુવર્ણના ઘરેણા સર્વોપરી ભાસેજ તેમા નવાઇ નથી મિત્ર ! તે હજુ ખરા બ્રહ્મચારી વિદ્યાર્થી જોયા નથી ત્યા સુધીજ મારા માટે તને માન છે હુ તેમના એક વાળની બરોબરી કરી શકવાને લાયક નથી કયા તેમનુ અડગ બ્રહ્મચર્ય ! અને કયા આપણે ? કયા તેમનુ તત્વજ્ઞાન ? અને કયા આપણી શુષ્ક વિદ્યા ! કયા તેમની

પવિત્રતા ! અને કયા આપણી મલીનતા ? કયા તેમના શ્રેષ્ઠ વિચારો ! અને બુદ્ધિની વિશાળતા ! અને કયા આપણી સકુચિત બુદ્ધિ ? કયા તેમની પ્રાચિન રૂષી પ્રણિત સદ્દવિદ્યા ! અને કયા આપણુ અર્થ વગરનુ વ્યવહારિક જ્ઞાન ?

મે કબુલ કર્યુ કે, " ખરેખાત હુ કુવાનુ દેડકુ છુ મિત્ર ! તે બ્રહ્મચારી વિદ્યાર્થીઓમા તારા કરતા શુ વિશેષતા છે ! અને ત્હારે તેમની સાથે કયા પ્રસગ પડયો હતો ?

મ્હારા મિત્રે કહ્યું, "આશરે એક વર્ષ ઉપર હુ અને મારા માતુશ્રી યાત્રાએ ગયા હતા યાત્રાએ જવાનુ પ્રયોજન એ હતું કે મ્હારા માતુશ્રીને હરદ્વારમા પ્રાચિન પ્રણાલિકા પ્રમાણે શિક્ષણ આપવાને ગુરૂકુળ સ્થાપવામા આવેલુ છે તેમા વસતા બ્રહ્મચારીઓને ભોજન આપવાનું હતુ મ્હારી માતાએ જાણી જોઇને મને સાથે રાખ્યો હતો. તેમનો હેતુ એવો હતો કે એ યાત્રાથી મ્હારા હ્રદયમા ધાર્મિક સસ્કારો જન્મ પામે. અમે તે ગુરૂકુળ સમીપની ધર્મશાળામા ઉતર્યા

મિત્ર ! તે સ્થાનની સૌન્દર્યતાના શુ વખાણ કરૂં ? સૃષ્ટીની સૌન્દર્યતા, પરમાત્માની અદ્દભુત રચના, અને મનોહર દેખાવ, જોનારના તનમનને પ્રફુલ્લિત કરનારજ હતા સૂવર્ણ સમાન પ્રવિત્ર ભૂમિ, ભગીરથી ગગાનો નિર્મળ પ્રવાહ, તેના વહેવાનો મધુર ખળખળાટ, ગમે તેવા વિકારી મનુષ્યને નિર્મળ અને શુદ્ધ મનના બનાવવાને શક્તિમાન હતાં. મધુર અને અમૃત સમાન પવનની લહેરો અને આસપાસ ખીલી રહેલ સુગધી ફુલની વાડીઓ તે સ્થાનને નદનવનની ઉપમા આપવાને પુરતાં હતા કૈલાસનુ જે વર્ણન પુસ્તકોમા વાચીએ છીએ તે આ ભૂમિનું અવલોકન કરનાર માટે તદન ફિકુ છે.

આ મગળમય ભૂમિના આનદિત દેખાવે મ્હારા તનમનને પ્રફુલ્લિત કર્યો. આનદમા અમો રાત્રે નિદ્રાવશ થયા.

પ્રાતકાળમા મે ગુરૂકુળનુ નિરીક્ષણ કર્યુ અને પવિત્ર બ્રહ્મચારીઓના દર્શન કર્યા તો ખરેખાત મારૂ હ્રદય પ્રેમથી દ્રવિત થયુ. તેમનો પવિત્ર અને બ્રહ્મચારીને છાજે એવો સાદો પહેરવેશ, મજબુત બાંધો, વિલક્ષણ પ્રકારની કાન્તી અને રગેરગમા ઉછળતુ વૈદિક તત્વજ્ઞાન નિહાળી આપણા ભારતના ભાવિ ઉદયને માટે સપૂર્ણ શ્રદ્ધા ઉત્પન્ન થઇ. સધ્યા, પ્રાર્થના, વેદના મત્રોનો ગભીર નાદ, યજ્ઞક્રિયા, કસરત, વ્યવહારીક,

સામાજીક અને ધાર્મિક જ્ઞાન, એ એમની કાર્યવાહી હતી બ્રહ્મચારીની દિવ્ય ચક્ષુઓમા ખરેખાત પ્રત્યક્ષ વિદ્યુતના ચમકારા હતા. પ્રાચીન વિદ્યાધ્યયન પ્રણાલિકા માટે મને સાનદ સતોષ પ્રાપ્ત થયો. ગુરૂકુળનું દીગ્‌-દર્શન કર્યા પછી ગમે તેવા સહૃદય માનવીને તેના પ્રત્યે સદ્ભાવ ઉત્પન્ન થયા વગર રહે નહીં. અને તેમા પણ ગુરૂકુળના બાળ બ્રહ્મચારીઓની કુશ-ળતા, રહેણી કરણી, બાહોશી, અને વિદ્વતા તો ખરેખર મનોરંજક હતી.

મેં પૂછ્યુ " તે બ્રહ્મચારી ગમે તેવા હોય પરતુ સિહનો સહાર કરી મારો પ્રાણ બચાવવાની તમારી અદ્‌ભુત શકિતનુ મે જે વારે દી-ગ્દર્શન કર્યું ત્યારે તમારા પ્રરાક્રમ માટે મને જે અનુભવ થયો છે તેના પ્રમાણમા તે બ્રહ્મચારીથી થઇ શકે નહી.

મ્હારા મિત્રે જવાબ આપ્યો, " તે તમારી ગેરસમજ છે. મ્હા-રામા એટલુ કમીપણુ છે કે મ્હારે તેની સામે થવાની જરૂર પડી જ્યારે બ્રહ્મચારીઓ વનસ્પતિ વિદ્યાના અધ્યયન માટ વનસ્પતિની શોધ કરવા પર્વતો ઉપર ચઢે છે ત્યારે સિહ સાથે ઘણી વખત ભેટા થાય છે, ત-દપિ તે બ્રહ્મચારીઓની તેજસ્વી વિદ્યુત સમ ચળકતી આંખોથીજ ભય પામી તે સિહ પગ વચ્ચે પુછ ભરાવી પલાયમાન થઇ જાય છે. એ અડગ બ્રહ્મચર્યની અપૂર્વ શક્તિ છે.

મે કહ્યું, " પ્રિય મિત્ર ! એવા મસ્ત, કસરતબાજ, અને બળવા-ન બ્રહ્મચારી ઇદ્રીય દમન કેવી રીતે કરી શકતા હશે ?

મ્હારા મિત્રે જવાબ આપ્યો, ' સદ્‌ગુણોથી, ધાર્મિક જ્ઞાનથી, અને ગુરૂ આજ્ઞાના પાલનથી '

મે કહ્યું, " આ વાતાથી હુ વિસ્મય પામુ છુ. પરતુ મિત્ર ! વિદ્યાધ્યયન માટે ત્હારી માનસિક શકિતનુ પ્રબળ તો ખચીત અપૂર્વ છો

મ્હારા મિત્રે ઉત્તર આપ્યો, 'બાલ બ્રહ્મચારીઓની માનસિક શકિત આગળ કાઈ હિસાબમા નથી કેટલાક બાલ બ્રહ્મચારીઓના જ્ઞાનતતુ એવા પ્રબળ છે કે તેમને કોઇ વાત બીજી વખતે શીખવી પડતીજ નથી વિ-દ્યાનો ગમે તેટલો બોજો પણ તેમના મગજને અસહ્ય થઇ પડતો નથી"

મે કહ્યુ, " મિત્ર ! તે વિદ્યાર્થીઓને તો માત્ર ગુરૂ તરફથીજ જ્ઞાન મળતું હશે પરતુ તમને તો માતુશ્રી તરફથી શ્રેષ્ઠ જ્ઞાન મળે છે. તે ત-મારી હરીફાઇમા કયાથી આવી શકે ? "

મ્હારા મિત્રે કહ્યુ. ભાઈ ! એ તારૂ કથન સત્ય છે. તથાપિ એ બ્રહ્મચારીઓની માતાને વિશેષ ધન્યવાદ એટલા માટે છે કે તેઓ પોતાના કુમળા અને વ્હાલામા વ્હાલા હૈયાના હાર જેવા બાળકને તેમના આ-ત્માની ઉન્નતિ માટે, આપણા પવિત્ર દેશના ભાવી ઉદયને માટે, તથા આપણા પ્રાચિન ધર્મના પ્રચારને માટે આઠ વર્ષની સગીર વયમાં ઘણે દુર ગુરૂકુળમા મોકલી આપે છે. અને પચીસ વર્ષ સુધી તેના વિયોગનું અસહ્ય દુઃખ સહન કરે છે વળી બ્રહ્મચારીઓને ત્યાના આચારમા, વિ-ચારમા, વ્યવહારમા, સ્વપ્નમાં, અને જાગૃતમા જે સજ્જડ, અસરકારક અર્થ સુચક, અને શ્રેષ્ઠ જ્ઞાન મળે છે, તથા કુદરતી સસ્કારોનુ ભાન થાય છે તેના હિસાબમા આપણે કઇ વીસાતમા નથી. માતા તરફથી આઠ વર્ષ પર્યંતમા જે જ્ઞાન તેમને મળ્યુ હશે તે વધારામા.

મે પુછ્યુ,—મિત્ર એ દેશમા ઠડી વિશેષ પડે છે તેથી તેઓનુ શ-રીર પુરતા વસ્ત્રના અભાવે દુર્બલ રહેવુ જોઇએ

મ્હારા મિત્રે જણાવ્યુ, " એજ ખુબી છે ! એ મહાન્ શીત પ્ર-દેશમા તેઓ માત્ર લગોટ અને કફની પહેરી દીન ગુજારો કર્યા છતા ઠડી તેમને કઇ પણ અસર કરી શકતી નથી. એ તેમનુ વીર્ય સંરક્ષણ અડગ બ્રહ્મચર્ય, અને કસરતથી મેળવેલ શારીરિક બળ છે. બ્રહ્મચર્યથી નસો નસમા ચાલતા વિજળીના પ્રવાહ સામે તે ઠડી કેટલીવાર ટકી શકે ? એ શકા નિર્બળ શરીરવાળાઓ માટે છે

મે પૂછ્યુ, " વારૂ ! એ શિવાય તેમનામા શુ વિશેષપણુ છે ?

મારા મિત્રે કહ્યુ,—(૧) શુકબાલીકાને જેટલુ શીખવ્યુ હોય તેટલુજ બોલે છે. તેને અથનો સાક્ષાત્કાર હોતો નથી. તેવા એ બ્રહ્મચારીઓ નથી. શબ્દની સાથે અર્થના સસ્કારો સાથે સાથે દ્રઢીભૂત થતા જાય છે. કુદરતને માન આપી સૃષ્ટી ક્રમને અનુકુળ જ્ઞાન વિવેક પૂર્વક સપાદાન કરે છે. પરમાત્માની અથવા જગન્નિયત્રી શકિત વિશેષ તેમનામા સામ્રાજ્ય ભોગવે છે

ઐકયતા, સમાનતા, સહનશીલતા, નમ્રતા, હ્રદય વિસ્તીર્ણતા, ના દ્રઢ સસ્કારો તેમનામા સ્થાપિત થાય છે

ગુરૂકુળના બ્રહ્મચારીના વિચાર સકુચિત હોતા નથી. તે પોતાના દેશની ઉન્નતિમાજ પોતાની ઉન્નતિ માને છે

(૨) તેઓ સત્ય બોલે છે, સત્ય વર્તે છે, અને સત્ય જાણે છે. જે અસત્ય છે તેને સત્ય માનતા નથી અને જે સત્ય છે તેને અસત્ય માનતા નથી,

(૩) તેઓ પરમાત્માને, સચ્ચિદાનંદ સ્વરૂપ, નિરાકાર, સર્વ શક્તિમાન ન્યાયકારી, દયાળુ, અજન્મા અનંત, નિર્વીકાર, અનાદિ, અનુપમ, સર્વેશ્વર, સર્વ વ્યાપક, સર્વાન્તર્યામી, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર અને સૃષ્ટિ કર્તા માને છે અને તેની ઉપાસના કરે છે

(૪) તેઓ સર્વની સાથે પ્રીતિ પૂર્વક ધર્માનુસાર યથાયોગ્ય વર્તે છે

(૫) તેઓ સામાજીક સર્વ હિતકારી નિયમ પાળવામા પરતંત્ર રહે છે, અને પ્રત્યેક હિતકારી નિયમમા સ્વતંત્ર રહે છે

(૬) તેઓ પ્રાત કાળે, અને સંધ્યાકાળે, ધ્યાન પૂર્વક સંધ્યા કરેછે.

(૭) તેઓ પોતાની વૃત્તિઓને શુદ્ધ કરવા નિરંતર પરમાત્માની પ્રાર્થના કરે છે

(૮) તેઓ ' બાબા વાકય પ્રમાણ '' ની પેઠે કોઇ વિષયમા હાજીહા ભણતા નથી, યુક્તિ, દલીલ, અને રૂષિ પ્રણિત ગ્રન્થોના પ્રમાણથીજ વિચાર કરે છે

(૯) તેઓ કોઇની નિંદા કરતા નથી છતા પણ દરેક આર્યને પોતાનોજ બંધુ ગણી તેની ખામી બતાવવાને સત્ય કહેવામા ચુકતા નથી.

(૧૦) તેઓ લોકપ્રિય થવા કરતા સત્ય પ્રિય થવુ વધારે પસંદ કરેછે

મ્હારા મિત્રની વાતા સાભળી ગુરૂકુળના બ્રહ્મચારીઓ પ્રત્યે મ્હારો પુજ્ય ભાવ ઉત્પન્ન થયો અને મે દ્રઢ નિશ્ચય કર્યો કે વિદ્યા સંપાદન કરવી એ મનુષ્યનુ મુખ્ય કર્તવ્ય છે માટે હુ પ્રતિદીન જ્ઞાનમા વૃદ્ધિ કરવા પ્રયત્ન કરીશ, અને મ્હારા અન્ય વિદ્યાર્થી બંધુઓને મ્હારા વૃતાન્તથી હમેશ માહીતગાર કરી વિદ્યાવિલાસી થવા ભલામણ કરીશ મ્હારી એ નેમ પુરી કરવા ઉકત વૃતાન્ત મે આપની આગળ નિવેદન કર્યું છે.

પ્રકરણ ૧૪ મું.

રંગમાં ભંગ.

વિદ્યાર્થી બન્ધુઓ ! વિદ્યા ભણવાની મનુષ્યને કેટલી જરૂર છે તે પ્રત્યક્ષ દ્રષ્ટાન્તોનો વરસાદ મ્હારા હ્રદય ક્ષેત્ર ઉપર અસરકારક રીતે પડવાથી મ્હારા પિતાએ જે ઉપદેશનુ બિજ આરોપણ કર્યું હતું તેનો જોરદાર ફણગો ફુટી નિકળ્યો. હુ જેમ જેમ ભણતો ગયો તેમ તેમ મ્હારા ઉમગમા પ્રતિદીન વધારો થતો ગયો. મને કોઇ વખત ભણવા પ્રત્યે કટાળો થયો નહતો હુ ઇચ્છતો હતો કે પ્રત્યેક વિદ્યાર્થીના પિતા મારા પિતાનુ અનુકરણ કરી પોતાના સતાનને વિદ્યા ભણવાનો પ્યાર ઉત્પન્ન કરે.

મ્હારે કહેવુ જોઇએ - મ્હારા પિતા માત્ર નિશાળમા ભણાવતા હતા. એટલુજ બસ નહતુ. અમારો જાતી ધધો શીખવવા માટેની પણ તે પુરેપુરી કાળજી રાખતા હતા. તેઓ કહેતા હતા કે ઔદ્યોગિક કેલવણી અને કળા કૌશલ્ય એજ આર્થિક સપત્તિને માટે અકસીર ઈલાજ છે. મ્હારા પિતા દરજીનુ કામ કરતા હતા તેથી મને પણ તેમણે કપડાં શીવવાના કામથી વાકેફ કર્યો હતો. મ્હારા માતુશ્રી પણ તે કામથી, માહિતગાર હતા. અમારા કુટુબના ગુજરાનનુ સાધન પ્રસ્તુત ઉદ્યોગજ હતું. હુ મ્હારા પિતાના ઉપકારનો ખરેખાત કરજદાર હતો. કારણ કે તેમના સદ્બોધથી, તેમનીજ ખતથી, અને તેમનીજ યુક્તિઓથી હુ આ સ્થીતિમા આવ્યો હતો. મ્હારી કેળવણીનો મુખ્ય આધાર મ્હારા પિતા હતા. પણ હુ હવે ઘણા ખેદની સાથે આપને જણાવું છુ કે મ્હારા સદ્ભાગ્યની ઇમારતનો મુળ પાયો પ્રચડ સંકટના પ્રહારોથી તુટી પડયો. મ્હારી ઉન્નતિના રગમા ભગ પડયો. મ્હારા હ્રદયની તિવ્ર ઇચ્છાઓનો પ્રલય થવાનો પ્રસંગ સમીપ આવ્યો. મિત્રો ! કહેતા હ્રદયફાટ દુઃખ ઉત્પન્ન થાય છે કે મ્હારા શિરછત્ર તિર્થરૂપ પવિત્ર પિતાનું મર્ણ નિપજ્યુ. હવે હુ નિરાધાર, દયામણી સ્થીતિમા આવી પડયો. મ્હારે કોઈ સારી કોલેજમા ઊંચા પ્રકારની કેળવણી લેવાનો ઈરાદો હતો તેવામા પરમાત્માએ સખ્ત વિઘ્ન મોકલ્યુ. હ્રદયમા એવી જબરજસ્ત લાગણી થઈ હતી કે ગમે તેમ કરી ભણવુ એજ ખરૂ છે અને બીજી તરફ દુ.ખનો ડુગર આવી પડયો. હવે કયે રસ્તે જવું તેની સુઝ પડવી મુશ્કેલ થઇ.

મ્હારા પિતાનો ઉપદેશ વળી યાદ આવ્યો. એક વખતે તેમણે મને કહ્યું હતું કે સારા કામ કરવામા હમ્મેશા વિઘ્ન આવે છે. પરન્તુ વિઘ્નના ભયથી જેઓ કામ આરંભતા નથી તેઓ કનિષ્ટ ગણાય છે. આરંભ્યા પછી વિઘ્નથી ડરી જઈ છોડી દે છે. તે મધ્યમ ગણાય છે. પરન્તુ ગમે તેટલા વિઘ્ન આવ્યા છતા સારા કામને જે પ્રાણાન્તે પણ છોડતો નથી તેજ ઉત્તમ મનુષ્ય ગણાય છે તે ઉપદેશ યાદ આવતાજ મ્હારામા નુતન હિમ્મત જન્મ પામી.

મે મારા માતુશ્રીને પુછ્યુ—" માતુશ્રી ! આપણા ઉપર અસહ્ય દુઃખ આવી પડયુ છે તેની કોઇથી ના કહી શકાશે નહી પરન્તુ સુખ અને દુ,ખ સરખા માનવા એ ઇશ્વરી દિલાસો છે. હવે આપણો ઇલાજ એ છે કે આવી પડેલા દુઃખને સહન કરવુ. અને પુન સુખ પ્રાપ્તીના ઉપાય શોધવા. મારા મનની ઇચ્છાઓ તમે જાણો છો ! મ્હારા પિતાશ્રી સ્વર્ગમા પણ હવે હું શુ કરીશ તે જાણવા ઇંતેજાર હશે માટે તેમના આત્માની સદ્દગતિ થવાને તેમની મરતી વખતની આજ્ઞાનું પાલન કરવા માટે મ્હને બહાર ગામ વિદ્યા ધ્યયન માટે જવાની રજા આપો.

મ્હારી માતાની આખમા આંસુ આવ્યા તેણે કહ્યું વ્હાલા પુત્ર ! તને વિદ્યાભ્યાસ કરતા અટકાવવો એ અઘોર પાપ છે. એમ ત્હારા પિતા એ મને સમજાવ્યુ છે. માટે હું આડે આવીશ નહી. પણ તારૂ ખર્ચ ત્યાં કેમ નભી શકશે."

મે કહ્યું,—" આપણી કારીગરી આપણા ખર્ચના નિભાવને માટે મુબારક રહો મને મ્હારા પિતાશ્રીની વિશાળ બુદ્ધિનું હવે ભાન થાય છે કે તેમણે મને કપડા શીવવાનો ધંધો ન શીખવ્યો હોત તો મ્હારૂ શું થાત ? માતુશ્રી ! મને જે કઇ ચિંતા છે તે એટલીજ છે કે તમારી સેવા કરવાનો મારો ધર્મ છે તે હુ બજાવી શકીશ નહી. માતુશ્રી ! તમારા ગુજરાનને માટે હુ શુ બંદોબસ્ત કરી શકીશ ?

મ્હારી માતાએ કહ્યુ—" મ્હારા પ્રેમાળ પુત્ર ! મ્હારી તું જરાપણ ફિકર કરીશ નહી, સ્ત્રીઓનો ધર્મ છે કે પતિના જીવતા પતિની આજ્ઞાનું પાલન કરવુ અને તેને બોજરૂપ ન થતાં મદદગાર થઈ પડવુ તે પ્રમાણે ત્હારા પિતાની હયાતીમા મેં મ્હારો ધર્મ બજાવ્યો છે. મ્હારા ગુજરાન પુરતું હુ તે વખતે વસ્ત્રાભુષણ શીવીને પ્રાપ્ત કરતી હતી. હવે મારો ધર્મ છે કે પુત્રની આજ્ઞાનુ પાલન કરવું અને તેને મદદગાર થઈ પડવું.

તેનુ સદા ભલુ ઇચ્છવુ અને તેની ઉન્નતિ માટે ખ્યાલ રાખવો. ત્હારા પિતાની મરતી વખતની ઇચ્છાને મ્હારે અનુકુળ થવુજ જોઇએ માટે હું તને ખુશીથી રજા આપુ છુ. તું ત્હારા સદ્‌વિચારમા ફતેહમદ થા. મ્હારી યત્કીંચિત્ ચીંતા કરીશ નહીં. પ્રથમની માફક હુ આપણો કપડા શીવવાનો ધધો કરી મ્હારૂ ગુજરાન ચલાવીશ. અને જે કઈ બચત રહેશે તે તને મોકલી આપીશ. પુત્ર ! કુદરતી રીતે ત્હારા વિયોગનું દુ,ખ મ્હારા હ્રદયને શલ્ય રૂપ થઈ પડશે. પણ ત્હારા ક્ષત્રી મિત્રની વિદ્વાન માતાએ મને કહ્યુ હતું કે મ્હારા પુત્રને રણક્ષેત્રમા મોકલવાની જરૂર પડે તો તેના મર્ણની ચિંતા કર્યા વગર ખુશીથી રણમાળ પહેરાવુ તે વિચારના પ્રમાણમા જો હું તને માત્ર વિદ્યાભ્યાસ અર્થે થોડે દુર મોકલવામા આનાકાની કરૂ તો તે મ્હારી મૂર્ખતા ગણાય.

મ્હારી માતાનું કહેવું સાભળી જાણે મારા પિતાના ઉપદેશની ખોટ પુરી પડી હોય એમ મને લાગ્યુ મ્હારૂં શુ થશે ? અને હુ કયા જઇશ તેનું કાઇ પણ ચિંતવન કર્યા વગર વર્તમાન પત્રોમા વાચેલી ખબરોના આધારે હું દયાનદ ઍંગ્લો વેદીક કોલેજ, લાહોરમા ગયો. જે કોલેજના પ્રિન્સીપાલ ઓનરરી કામ કરે છે. બાકીના પ્રોફેસરો પણ નિર્વાહ પુરતોજ પગાર લઈ સેવા બજાવે છે ગરીબ વિદ્યાર્થીઓને થોડી ઘણી મદદ મળે છે.

મેં પ્રિન્સીપાલને મ્હારૂ વૃતાન્ત સભળાવી મ્હારી સ્થિતિથી વાકેફ કરી મનની ઇચ્છા પૂર્ણ કરવાને નમ્રતાથી પ્રાથના કરી. તે દયાળુ પ્રિન્સીપાલને હુ કપડાં શીવવાનું કામ જાણુ છુ તેની ખબર પડયા પછી તુરતજ રૂ. ૯ ના પગારથી મ્હારો નિમ દયાનદ એન્ગ્લોવેદિક સ્કુલની બોર્ડીંગહાઉસમા કર્યો; જ્યા બહુ કિશોર વયના વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા તેમના કપડા સાધવા વિગેરેનુ સામાન્ય કામ કોલેજના વખત પછી બે કલાક મ્હારે કરવાનુ હતું. તેથી હુ ખુશી થયો. મ્હારી ખાત્રી થઈ કે આર્યાવર્તમાં આવી પારમાર્થિક સસ્થાઓની હયાતી હશે તો ખચીત આ પવિત્ર આર્યાવર્તના સુખ સૌભાગ્યનું નાવ દુઃખદરીઆને તળીએ પહોંચ્યા છતા કોઇક સમયે તરી બહાર આવશે ખરૂં.

પ્રકરણ ૧૫ મું.

મ્હારો અભ્યુદય.

મ્હારો અભ્યાસ અનુક્રમે વધતા ચાર સાલ પછી હુ બી. એ. ની પરીક્ષામા પાસ થયો. પરીક્ષાનું પરીણામ જણાયા પછી હું કોલેજના પ્રિન્સીપાલ પાસે ગયો. આ વખતે મ્હારૂ હ્રદય આનદ સાગરમા થન થન નૃત્ય કરતું હતું. પ્રિન્સીપાલે મને જોતાજ મુબારકબાદી આપી. અને કહ્યુ કે,—" ઇશ્વિર કૃપા વડે ત્હારી મહેનત સફળ થઇ "

મે નમ્રતા પૂર્વક હાથ જોડી કહ્યુ, " સાહેબ ! મને એક રંકપણ સ્થિતિમાથી આ ઉન્નત સ્થિતિ પર આણનાર આપ છો જેને માટે હુ જીદગી પર્યતનો આપનો કરજદાર છુ.

પ્રિન્સીપાલે જણાવ્યું,—" વ્હાલા વિદ્યાર્થી ! મે તેમા શુ કર્યું છે મે જે કાઇ કર્યું હોય તે મ્હારો ફરજ કરતા વિશેષ કર્યું નથી. છતા જો તારી ઔદાર્યતા અને સૌજન્યતાને લીધે તેને ઉપકાર માનતો હોય તો તેનો બદલો આપવો જોઇએ "

મ્હે શરમાળ બની વિનયથી જણાવ્યુ " કોલેજમા દાખલ થવા માટે જેની પાસે કાઇ સાધન નહતું તેને મહત્ ઉંચા પ્રકારની કેળવણી આપી એટલુજ નહી. પણ ગુજરાનનું સાધન પુરૂ પાડ્યું એવો એ રંક વિદ્યાર્થી કાઇ અવેજ આપીને તો બદલો વાળી શકે તેમ નથીજ પરન્તુ જીદગી પર્યંતનો સેવક થવાને તો તૈયાર છે.

પ્રિન્સીપાલે જણાવ્યુ,—" ત્હારા સદ્ વિચારો મ્હારા આત્માને પ્રસન્ન કરે છે. ત્હારી પાસે દ્રવ્ય નથી એમ તારે માનવું જોઇએ નહિ ત્હારી પાસે હવે અખૂટ ખજાનો છે જેમાથી તું ગમે તેટલું વાપરીશ તો પણ તે ખજાનો ખાલી થવાનો નથી "

હું વિચારમાં પડયો.

પ્રિન્સીપાલે ભેદ ભાગ્યો અને કહ્યું કે—" મ્હારી એવી ઇચ્છા છે કે તે જે વિદ્યા મેળવી છે તે વિદ્યાનું દાન બીજા વિદ્યાર્થીઓને આપ અને અમારા કાર્યમા મદદગાર થા.

મેં ઘણાજ હર્ષમા આવી જાહેર કર્યું,—" કૃપાનિધાન ! બી. એ. ની પરીક્ષામાં જ્યારે હું પાસ થયો ત્યારે મ્હારા આનંદને છેડે એક ગંભીર પ્રશ્ન ઉત્પન્ન થયો હતો. જે મારા હૃદયને અદ્યાપિ પર્યંત ખુંચતો હતો. તે પ્રશ્ન એ હતો કે હું ભણ્યો એ વાત ખરા પણ મ્હારે ભણીને શું કરવું જોઇએ જે કલ્પવૃક્ષની શિતળ છાયા નીચે વિશ્રામ મેળવી જેનાં સ્વાદિષ્ટ અને કિંમતી ફળ ખાધાં છે તે વૃક્ષથી શુ હવે હું વિખુટો થ-ઇશ ? મ્હારી એ ચિંતા આપની ઇચ્છા જાણી દુર થઈ. તેથી હુ આ-પના વિશેષ આભાર નીચે આવ્યો છુ એવો કોણ ભાગ્યશાળી હશે કે જેને વિદ્યાનું દાન લઇ વિદ્યાનું દાન આપવાની તત્કાળ તક મળે !

પ્રિન્સીપાલ સાહેબે મ્હારૂ અનુમોદન સાંભળી હાઇસ્કુલમા એક માસ્તરની જગો ખાલી હતી ત્યા રૂ. ૧૦૦—૦—૦ ના માસીક પગારથી મને દાખલ કર્યો હું એક રંક દરજી માત્ર વિદ્યાધ્યનના ઉત્તેજનાર્થે માસીક રૂ. ૮—૦—૦ મેળવતો હતો તેને રૂ. ૧૦૦—૦—૦ નો પગાર થયો તે વખતે મ્હારા હૃદયમાં એવો ફેરફાર થયો કે જો મે કેળવણી લીધી ન હોત તો ખચીત હર્ષ ઘેલો થઈ જાત મેં મ્હારી માતુશ્રીને અને મ્હારી બ્હેનને ત્યાં બોલાવી લીધા અને હવે મારો જીંદગી જુદા સ્વરૂપમાં શરૂ થઈ. વિદ્યા ભણવાથી મનુષ્યનો અભ્યુદય થાય છે એવા મારા પિ-તાના વચનો મને પ્રતિ પળે યાદ આવવા લાગ્યાં.

દીન પ્રતિદીન હું ખરા જીગરથી મ્હારો ફરજ બજાવવા લાગ્યો મે મ્હારા સદ્ભાગ્યની વાર્તા મારા પરમ પ્રિય ક્ષત્રી મિત્રને લખી જણાવી તેના ઉત્તરમાં તેણે મને જણાવ્યું કે મ્હારા વ્હાલા મિત્ર !

તું બી. એ. ની પરીક્ષામાં જલદી પાસ થાય તેને માટે હું પર-

ત્માની નિરંતર પ્રાર્થના કરતો હતો. મ્હારી ઇચ્છા પ્રમાણેનું પરીણામ આવ્યું તે જાણી મને અત્યંત આનંદ થયો છે. હું ત્હારી ખંત અને મહેનતને માટે મુબારકબાદી આપુ છું અને ભવિષ્યમા ત્હારો ઉત્તમ અભ્યુદય ચાહું છું.

મિત્ર ! તુ માસિક રૂ. ૧૦૦) ના પગારમાં દાખલ થયો તે જાણીને મને જરા ખેદ થયો છે તેનું કારણ એ છે કે હું અહીંના નરેન્દ્ર પાસે માનાધિકારીની જગોએ રૂ. ૫૦૦) ના માસિક પગારથી દાખલ થયો છું અને તું બી. એ. ની પરિક્ષા પસાર કરે કે તત્કાળ મ્હારા જેટલાજ

પગારથી તને દાખલ કરવાનું વચન મેળવી લીધું છે. માટે આશા છે કે ઘણા લાંબા વખતનો આપણો વિયોગ તું દુર કરીશ. અર્થાત્ મ્હારૂં આમંત્રણ કબુલ કરીશ—આ પત્ર વાંચીને મ્હારા મિત્રના સર્વોત્તમ સ્નેહને માટે મ્હારી આંખમાં હર્ષના આંસુ આવ્યાં. ખરેખાત મ્હારા મિત્રનો વિયોગ મને દુઃખ રૂપ હતો અને તેને મળવાને હું ઈચ્છતો હતો તેની સોબતમા રહેવું એ મ્હારા માટે ફળ દાયક હતું છતાં જે કલ્પ વૃક્ષની શીતળ છાયા નીચે વિશ્રામ મેળવ્યો હતો તે વૃક્ષને નહીં છોડવાનો મ્હારો મક્કમ વિચાર જરા પણ ડગ્યો નહી. આ પત્રની વાત મેં મ્હારા પ્રિન્સીપાલને જણાવીજ નહી. કારણ કે કદાચ તેઓ મને ત્યાંથી રજા આપે. દે મ્હારી જીંદગીને હું પૈસા મેળવવાની ટકશાળ માનતો નહતો.

એક દિવસે વિદ્યાલય તપાસવા માટે નિશાળો ખાતાના ઇન્સ્પેક્ટર આવ્યા. અને વિદ્યાર્થીઓની તપાસણી કરી વિદ્યાર્થીઓને મળતુ દ્રઢ જ્ઞાન તેમના શ્રેષ્ટ અને દીર્ઘ વિચારો તથા મ્હારી વિદ્યાર્થીઓ પ્રત્યેની ખરી લાગણી એ સર્વ બાબતોથી ઇન્સ્પેક્ટર સાહેબ સંતોષ બતાવતા હતા. આ પ્રમાણે બે ત્રણ વખત તેમણે તપાસણી કરી સાનંદ સંતોષ જાહેર કર્યો અને મને લલચાવ્યો કે મહાશય ! હુ તમને રૂ ૫૦) ના પગારથી ગવર્નમેન્ટ સ્કુલમા દાખલ કરાવવા ધારૂ છુ. "

મ્હે નમ્રતા પૂર્વક જવાબ આપ્યો કે, " મ્હારા પ્રત્યેની સદ્ લાગણી માટે હું આપનો આભાર માનુ છુ પરંતુ લાચાર છુ કે મ્હેં મારી જીંદગીનો હેતુ માત્ર પગાર વધારે મેળવવામાજ મુકરર કર્યો નથી મ્હને જો કાંઈપણ ચિંતા હરનીશ રહેતી હોય તો તે એટલીજ છે કે હું મારી ફરજ બરોબર બજાવી શકૂ છુ યા નહી.

ઇન્સ્પેક્ટર સાહેબે કહ્યુ—" હુ આ કદર તમારી કરતો નથી પણ જે કોલેજમા તમોએ કેળવણી મેળવી છે તે કોલેજને માટે મને મોટુ માન છે. ખરેખાત એ કોલેજ નથી પણ ચિંતામણી રત્નની પ્રાપ્તિ કરનાર રત્નાકર છે. મે ઇન્સ્પેક્ટર સાહેબનો ફરી અંતઃકરણથી આભાર માન્યો.

મ્હને નોકરી કરતા ફક્ત એક વર્ષ થયું તેટલામા એક નવીન ફણગો મ્હારી જીંદગીની વાડીમા જન્મ પામ્યો. મ્હારી પ્રખ્યાતિ સાંભળી એક દેશી રાજ્યમાથી મારી માગણી મ્હારા પ્રિન્સીપાલ ઉપર આવી તેથી એક દિવસે પ્રિન્સીપાલ સાહેબે મને કહ્યું—, "

નવનીત એક દેશી રાજ્ય તમારી માગણી કરે છે ત્યાં જવા
છો ?

કહ્યું,—" આપની આજ્ઞા, એજ મ્હારૂ વર્તન છે.

પ્રિન્સીપાલે જણાવ્યું,—" હું ધારૂં છું કે જ્યા કામ કરવાનું વિશાળ ક્ષેત્ર છે ત્યાં તમો અહીં કરતા સારો ઉપકાર કરી શકશો મ્હારી ઇચ્છા છે કે તમો ત્યાંની નોકરી કબુલ કરો. "

મેં ફરી કહ્યું,—" આપની આજ્ઞાનું પાલન કરવું એજ મ્હારૂં કર્તવ્ય છે. "

પ્રિન્સીપાલે કહ્યુ,—" બહુ સારૂં ત્યારે તમે ત્યા અરજી કરો. "

મે જણાવ્યું,—કદાચ આજ્ઞાનું ઉલધન થાય તો માફ કરશો. અરજી
નોકરી મેળવવા કરતાં આપની કૃપા છાયા નીચે અહિં મને ઘણો
પ્રથમ કપડા શીવવાના કામ ઉપર ગુજરાનના પગારે દાખલ
કામ કરવા ઉપરાતના વખતમા વિદ્યાભ્યાસ કરવાનો પ્રબધ
આપ કદરદાન શ્રીને અરજી કરી હતી તે શીવાય બીજી
નથી. અને હવે આપે વિદ્યાનો ખજાનો બક્ષ્યા છતા "ભિક્ષાન્
ભિક્ષા માગવી, અરજ કરી, વગ વશીલાથી નોકરી મેળવવી,
કરવામા જીદગીનુ સાર્થક માનવુ એ બાબતો હાલના જમા-
મ્હેં મેળવેલા હાલન[illegible] [illegible]ક્ષણ પ્રમાણે હુ અનુચિત ગણું છું.
[illegible]ય મ્હારી નોકરીની જરૂર ધારતું

[illegible]ર જાણી ખુશી થયા. આખરે મ્હારી
[illegible]યા જવાની આજ્ઞા આપી. તેથી હુ
નોકરીથી સતોષ પામી મ્હને રૂા.
આપ્યો.

ખુશી થશો કે હું જે દેશી રાજ્યમા
[illegible]ઇ નહિ પણ જયા મ્હારો ક્ષત્રી મિત્ર
[illegible]વા આમંત્રણ કરતો હતો તેજ

વ્હાલા બન્ધુઓ ! હું હવે વિદ્યાદેવીનાં આપેલાં સ્વાદિષ્ટ ફળનો અનુભવ લેતો હતો તે વખતે મ્હારી જીન્દગીની મને દિવાનની ગાદી જોઈને મને દુરાગ્રહ ઉત્પન્ન થયો હતો અને જન્મ પામી હતી. તે પરીપૂર્ણ થયેલી જાણી મ્હારા પિતાનાં વચ આવ્યાં કે એક સુખી જીંદગી ગાળવાને માટે શ્રીમન્ત થ... કરતાં વિદ્વાન થવું એ શ્રેયસ્કર છે.

મિત્રો ! મ્હારી ઉમ્મર હાલ પચીસ વર્ષની હતી મારાં મા મને ગૃહસ્થાશ્રમી કરવા પ્રયત્ન કરતા હતાં પરન્તુ પચીસ વર્ષ પુરાં થ વગર મ્હારા હૃદયમા એ પ્રશ્ન કદીપણ ઉત્પન્ન થતો નહતો.

પ્યારા મિત્રો ! હવે હુ મારા ગૃહસ્થાશ્રમનો વૃત્તાન્ત ટુંકમાં આપને નિવેદીત્ કરીશ.